ૐ

લુહાર, સુથાર, કંસારા, સલાટ, અને સોની.

પંચાલ બ્રાહ્મણ [illegible]

લખનાર તથા છાપી પ્રસિદ્ધ કર્તા.

અરજણ પુરુષોત્તમ [illegible]

પંચાલ સંબંધમાં [illegible]

ઠે. માંડવીની પોળ—અમદાવાદ.

અમદાવાદ.

પીરમસા રોડ ઉપર, નિર્મળ પ્રીન્ટિંગ પ્રેસમાં

ભુદરભાઈ ઈશ્વરભાઈએ છાપ્યું.

—:०:—

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કીમ્મત. ૦-૨-૦

પ્રસ્તાવના.

વિશ્વ વિખ્યાત, વિશ્વકર્માના વંશજોને નમ્રતાપૂર્વક જાહેર કરું છું કે, આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું કારણ વિશ્વ બ્રહ્મોત્પન્ન મનુવંશિ પંચાલ ઘણા ભાઈઓના આગ્રહથી આ પુસ્તક છપાવવામાં આવ્યું છે. જેથી આ પુસ્તકનું નામ પંચાલ બ્રાહ્મણ સિદ્ધાન્ત

પ્રીય બંધુઓનું કહેવું એમ થાય છે કે, અમાર પાસે દાખલા દલીલોવાળુ હરકોઇ સાધન ન હોવાથી કોઇ પુછે ત્યારે શું જવાબ આપવો; આવા પ્રકારનો આપણા પ્રીય બંધુઓના મનમાં સંશય આવી અટક્યો, અને તે ભાઇઓને આપણા વચન ઉપર નહિ પણ રૂષિ સંતતીના વચન ઉપર વિશેષ પ્રેમ હોવાથી આપણા પંચાલ મહાશયોના પુસ્તકના પ્રમાણ વિશેષ ન લખતાં આ પુસ્તકમાં રૂષિ સંતતીના બનાવેલા પુસ્તકના દાખલા દલીલો સાથે ટુંકામાં રજુ કર્યા છે. તે આપના કર કમળમાં પડતાં જ અંદર કેટલીક ખોડ ખાંપણો દ્રષ્ટિગોચર થશે તેમ થવાનું કારણ કે, પુસ્તક લખવાનો મારો પહેલોજ પ્રયાસ છે. તેમાં પણ પરિવાર લગ્ન પ્રસંગ અને કેટલાક સંજોગોને લીધે ફરીથી બરાબર તપાસવા વખત મળ્યો નથી તેને લીધે તેમ હશે. જેથી સર્વ સજ્જનો માફ કરી સુધારી વાંચશે. બંધુઓને મારી વિનંતિ છે કે, આ પુસ્તકમાં કંઇ સુધારવા જેવું હોય તો કૃપા કરી જણાવશો તો ઉપકાર સાથે બીજી આવૃત્તિમાં દાખલ કરીશું એજ વિનંતી.

લી. એક જીજ્ઞાસુ.

પંચાસ બ્રાહ્મણું

સિદ્ધાન્ત.

જનોઈથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

कारणा भावात् कार्या भावः ॥

અર્થ—કારણના અભાવથી કાર્યનો પણ અભાવ છે. એ ન્યાય સુત્ર છે, કોઇ પણ કાર્ય કારણ વિના થતુંજ નથી. જનોઇનું નામ બ્રહ્મસુત્ર છે બ્રહ્મસુત્ર નામ શા માટે છે, તે જુઓ ? જેમ સળંગ સૂત્ર, એક સૂત્ર વગેરે કહેવાય છે, તેમ આ બ્રહ્મસૂત્ર છે. એટલે બાજે કાંઇ છે તે સર્વ બ્રહ્મથીજ છે. બીજા કોઇથી નથી એમ સુચવે છે. આરૂણિકોપનિષદમાં કહે છે કે:—

ब्रह्म सूचना त्सूत्रं ब्रह्म सूत्रम् ॥

અર્થ—બ્રહ્મને સુંચન કરનાર હોવાથી તે સૂત્રને બ્રહ્મસૂત્ર (જનોઇ) કહે છે. અને જનોઇથી બ્રહ્મત્વ સિદ્ધ થાય છે જનોઇ છે તે સમષ્ટિ, વ્યષ્ટિની એકતા સૂચવે છે. જેમ છનું તાગ. નવ તંતુ, વગેરે બધું સૂત્રજ છે, તેમ આ જે કાંઇ છે તે બધું બ્રહ્મથીજ છે બીજાથી કાંઈ નથી એમ ચોખ્ખો સાંકેત જણાય છે, સ્થૂલ શરીરનો ત્યાગ કરી બ્રહ્મસ્વરૂપને પામવું એ યજ્ઞોપવિતનો આશય જણાય છે. અધ્યાત્મપનિષદમાં પણ એજ પ્રમાણે કહ્યું છે કે—

माता पित्रोमलोभ्दूत्म, मलमाँस मयंवपुः
त्यकत्वा चांडाल वदूरं, ब्रह्मभूय कृतीभव ॥

અર્થ—માતા અને પિતાના મલથી ઉત્પન્ન થએલ, અને મલમાંસવાળું આ શરીર છે તેનો ચાંડાલની માફક દૂર ત્યાગ કરીને બ્રહ્મ રૂપ થવાની કૃતીવાળો થા મહાભારતમાં કહ્યું છે કે—

ब्राह्मणो ब्रह्म धर्मेण, यथा शिल्पेन शिल्पक ।
अन्यथा नाम मात्रस्या, दिन्द्र गोपक कीटवत

અર્થ—જેમ શિલ્પ કળા વડે જેમ શિલ્પી કહેવાય છે, તેમ સત્યાદિરૂપ બ્રહ્મ ધર્મ વડે બ્રાહ્મણ કહેવાય છે. જો શિલ્પીઓમાં બ્રહ્મ ધર્મ ન હોય; તો તે માત્ર નામનોજ બ્રાહ્મણ કહેવાય જેમ એક કીડાને ઇંદ્રની ગાય કહેવામાં આવે છે તેમ યજ્ઞોપવિત ધારણ કરવાથી બ્રહ્મ કહેવાય છે.

अयंतु परमो धर्मो यद्योगे नात्मदर्शनम् ॥

અર્થ—યોગવડે આત્મ–બ્રહ્મ–દર્શન કરવું આજ પરમ ધર્મ છે. એમ જે મહામુની યાજ્ઞવલ્કય ભગવાન પોતાની સ્મૃતિમાં કહે છે કે, તે પરમ ધર્મની પ્રાપ્તિ માટેજ બ્રહ્મ વિદ્યાના સિદ્ધાન્તના સંકેતરૂપ આ બ્રહ્મસૂત્ર (જનોઇ) અધિકારીને પ્રાથમિક (પ્રવેશક) દીક્ષા આપી આચાર્ય પહેરાવે છે, અને ગાયત્રી જપ તથા પ્રાણાયામાદિનો બોધ કરે છે. ઉપર કહેલ રીતિ પ્રમાણેનું રહસ્ય જાણ્યાવિના જેઓ એ પ્રમાણે યજ્ઞોપવિત બાબત બોલતાં હોય, તેઓ વાકેફ થશે કે યજ્ઞોપવિત (જનોઇ) કુચીઓ લટકાવવા તથા વાંસાની ખરજ મટાડવા માટે નથી, પણ એ ગુપ્ત

સાંકેત અતિ ઉપયોગી અને મોક્ષ પમાડનાર છે, માટે જનોઇ અવશ્ય સર્વ પચાલોએ યથાકાળે ધારણ કરવીજ જોઇએ.

ઉપર બતાવેલી શાસ્ત્ર તથા યુક્તિવડે પણ જ્યારે સિદ્ધ થાય છે, ત્યારે પછી જનોઇ કેવળ કુંચીઓ લટકાવવા માટે અને વાંસાની ખરજ મટાડવાને માટે કહેવું એ કેટલી બધી આગુસમજણ કહેવાય ? માટે સમજુએ આથી સમજી વિચારી અને હવે એમ નહિ બોલતાં તે યજ્ઞોપવિતને અધિકારીએ યથા કાળે ધારણ કરી તથા સંતાનોને પણ ધારણ કરાવવી જોઇએ, અને તે પ્રમાણે વર્તવું જોઇએ, આ પ્રમાણે બતાવ્યા છતાં પણ માને નહિ અને કેવળ એક હઠ પકડીને કહે કે મારા કક્કો ખરા અને હું કહું છું તેજ યથાર્થ છે, તો તેવા જે અકલના હીણ કેવળ ગધાપૂછ હાથમા આવ્યું અને પકડયું તે પકડયુ પાટુઓ ખાય પછડાય તો પણ ~~મુકે નહિ~~ તેમ હઠ પકડનાર એવા અતિરાગી જે પુરૂષો છે, તેવાઓને માટે તો કાંઇ કહેવા યોગ્ય છેજ નહિ. કેવળ શાસ્ત્રને લઇનેજ કહેવા માગે અને યુક્તિનો નહિજ.

જો એમ કોઇ કહે તો તેની ભૂલ છે, કારણ કે યુક્તિ તો અવશ્ય જોઇએ. યુક્તિ વિના તો ધર્મનો નિર્ણય ન જ કરવો જોઇએ. જુઓ બ્રહસ્પતિજી મહારાજ કહે છે કે.—

केवलं शास्त्र मुद्दिश्य, नहि कर्तव्योहि निर्णयः ।
युक्ति हीने विचारेतु, धर्महानिः प्रजायते ॥

અર્થ—(શાસ્ત્ર અને યુક્તિ એ બંનેનો સમન્વય કરી કોઇ પણ વાતનો નિર્ણય કરવો જોઇએ. કેવળ શાસ્ત્રનાં વચનોને લઇ નિર્ણય કરવામાં આવે તો ધર્મની હાનિ થાય છે.) કેવળ શાસ્ત્રનાં વચનોને લઇને નિર્ણય કરવોજ નહિ કારણ યુક્તિહિન વિચારમાં તો ધર્મની હાનિ થાય છે.

યોગવાસિષ્ઠના મુમુક્ષુ પ્રકરણના અઢારમા સર્ગમાં વસિષ્ઠ મહા મુનિએ શ્રી રામચંદ્રજીને કહ્યું છે કે—

अपिपौरुषमादेयं, शास्त्रचेद्युक्ति बोधकम् ।
अन्यत्त्वार्ष मपित्याज्यं, भाव्य न्यायैक सेविना

અર્થ—અપક્ષપાતિ મનુષ્યે, યુક્તિ બોધકશાસ્ત્ર સાધારણ પુરૂષે રચેલું હોય, તથાપિ સ્વીકારવું; પણ યુક્તિ વિનાનું ઋષિયે કહેલું, હોય તો પણ ત્યાગ કરવું.

युक्तियुक्त मुपादेयं वचनं बालकादपि । अन्य तृण मिवत्याज्य माप्युक्तं परमेष्ठिना ॥

અર્થ—કેમકે યુક્તિ યુક્તવચન બાળકથી પણ ગ્રહણ કરવા લાયક છે અને યુક્તિ વિનાનું કદી પ્રજાપતિયે કહેલું હોય તો પણ તૃણની પેઠે ત્યાગ કરવા લાય છે.

योऽस्मत्ता तस्य कूपोऽय,मिति कौपं पिबेत्पयः।
त्यक्त्वा गांगपुर स्थंतं, कोऽनुशास्त्यति रागिणम् ॥

" અર્થ—એમ છતાં પણ જે આ મારા બાપનો કૂવો છે. " એવા હઠથી, પાસે રહેલું ગંગાનું મીઠું જળ મૂકી કૂવાનું ખારૂં પાણી પીએ તેવા અતિ રાગીને કોણ ઉપદેશ કરે.

પંચાલ બ્રાહ્મણો વિશે કલેક્ટર સાહેબનો હુકમ.

મુખ માસિત પંચાલ બ્રાહ્મણોત્પત્તિ વસ્તી પત્રક માટે શિલ્પાચાર્ય નાગેશ્વર શર્માના છપાવેલા પુસ્તકમાં પા. ૮ માં લખ્યું છે કે.—

(પંચાલ બ્રાહ્મણ) આ બાબતમાં આપણા પંચાલોની ખરી જાત જાહેર થવાથી બહાર પ્રસિદ્ધ રીતે લખાવતાં કેટલેક ઠેકાણે વાંધો ઉઠવાથી ગંજામ તથા કૃષ્ણા પ્રગણાના મહેરબાન નામદાર કલેકટર સાહેબ બહાદૂરે સને ૧૯૦૧ ની સાલમાં પંચાલોએ વિશ્વ બ્રાહ્મણ લખાવવું એવો હુકમ ફરમાવ્યો છે. આ અને એવા બીજા કેટલાક ઠરાવો નામદાર બ્રીટીશ સરકારના દયાળુ, ન્યાયી અમલદારોએ તપાસ કરી હુકમ કર્યા છે તે બાળ શાસ્ત્રી,

રાવજી શાસ્ત્રી ક્ષીર સાગર પુનાના રહીશે જે પ્ર-
શ્નોત્તર પત્રિકા પંચાલ બ્રાહ્મણોને માટે કાઢી છે
તેના પાછલા ભાગમાં આપેલા છે ને તે શિવાય
હાલમાં કાંઇ કારણને લીધે પુનામાં વિશ્વ બ્રહ્મ પં-
ચાલ સભા તરફથી અરજ તા. ૯ માહે જાનેવારી
સને ૧૯૧૧ ને રોજ ખાને સુમારીના વરિષ્ટ અધિ-
કારી (સેન્સસ સુપરિટેન્ડેન્ટ) મહેરબાન પી. જે.
મીડ) સાહેબ બહાદુરને કરેલી તે ઉપરથી સાહેબ
બહાદુરે તપાસ કરી હુકમ (જવાબ) નં. ૧૨૪૪
તા. ૧૩ માહે જાનેવારી સને ૧૯૧૧ ને રોજ આ-
પ્યો છે, તેમાં ફરમાવ્યું છે કે પંચાલ (વિશ્વકર્મા-
શિવ સંતાનો) બ્રાહ્મણોએ પોતાનું નામ પંચાલ
બ્રાહ્મણ લખાવવું.

—:૦:—

બ્રહ્મત્વનું મહત્વ.

અજાત શત્રુ (શત્રુઓને જીતનાર) ધર્મરાજાને ઘેર રાજ સુયજ્ઞ થતો હતો. લક્ષોવધિ બ્રાહ્મણો ત્યાં જમીને તૃપ્ત થતા હતા. ભગવાન શ્રી કૃષ્ણએ તેમનો એઠવાડ કાઢવાનું કામ પોતે કબુલ કર્યું હતું એ પ્રમાણે કોટીક (અસંખ્ય) બ્રાહ્મણો સંતુષ્ટ થયા હતા ત્યારે સ્વર્ગમાંથી કંઇક ઘંટના નાદનો ધીમે ધીમે અવાજ ધર્મરાજાના કાને આવવા લાગ્યો. પરંતુ પછી એક દીવસ ધર્મ રાજાના કાનપર સ્વર્ગમાંથી ઘંટનો અવાજ એટલો બધો ગણગણાટ આવવા લાગ્યો કે, તેમને ક્ષણભર ચેન પડયું નહી. ત્યારે પોતે આશ્ચર્યથી ચકિત થઇ ભગવાન શ્રી કૃષ્ણ પાસે ગયા અને તે સર્વજ્ઞ છે તેમ જાણીને તેમને કહ્યું કે, સ્વર્ગમાંથી ઘંટનાદ આજ સુધી મને બહુ તો સંભળાતો નહોતો. પણ આજતો કાન સરખા ફુટે છે, તેનું કારણ શું ? ત્યારે શ્રી કૃષ્ણ કહે છે, આજ કોઇ પણ ખરો બ્રહ્મનિષ્ઠ તમારે ઘેર જમ્યો હોવો

જોઇએ. તેમના મહા પુન્યતું એ ફળ છે." એ સાંભળી ધર્મ રાજાએ ભગવાનને કહ્યું કે તે બ્રહ્મનિષ્ટ મને બતાવો કહી પ્રભુને વિનંતી કરી. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાન તેમને યજ્ઞના ભોજન મંડપમાં લેઇ ગયા એટલે ત્યાં શ્રી શુક્ર યોગીંદ્ર એઠાં વાસણ ચાટતા બેઠા હતા તે તેમને બતાવ્યા. ત્યારે ધર્મરાજાએ તેમને દંડવત પ્રણામ કરી અને હાથ ઝાલી સિંધાસનપર લાવી બેસાડયા. તેમની ઘણા ઉપકારથી વિધી સહીત પુજા કરી.

આ વાત કદાપી થોડી ઘણી ખરી હોઇ શકે, પણ તે ઉપરથી બ્રહ્મતત્વનુ મતત્વ કેટલું મોટુ છે, એ વાત ખરી થાય છે. નિરાકાર પરબ્રહ્મને જાણનારા તેજ ખરા બ્રહ્મનિષ્ટ, તેજ બ્રાહ્મણ હોય છે. પરમેશ્વરે જે કૃપા કરી ઉચ્ચ પ્રકારના બ્રાહ્મણમાં જન્મ આપ્યો છે, ત્યારે તે કુળમાં અને જાતીમાં શોભે તેવાં વ્રત પાળવા ચુકવું નહી. મોટાનાં વ્રત મોટાં હોય છે. તે વ્રતોનાં ભંગ કરી આપણા નામને કલંક લાગવા દેવું નહી. સર્વે આપણે બ્રાહ્મ

છીએ, અને બ્રહ્મનિષ્ટ થવું એ આપણું કુળ વ્રત છે. એ ધ્યાનમાં રાખી બધાઓએ બ્રહ્મનિષ્ટ થવાના પ્રયત્ન કરવાં. નહી તો નામ શેનબાઈ અને હાથમાં કથીરની ચુડી એવું થાય. એ વિષય જપી સર્વ બ્રાહ્મણોએ આપણા બ્રહ્મત્વની જાગૃતિ રાખવી. એટલે પ્રભુએ આપેલા ઉત્તમ જન્મનું સાર્થક થયું એમ થશે.

॥ ૐ ॥

॥ વિશ્વકર્માય નમઃ ॥

લોહાર, સુતાર, કંસારા, સલાટ અને સોની, મુખ્ય શ્રેષ્ટ પંચાલ બ્રાહ્મણ છે તે વિષે પ્રમાણ.

શ્રીમતૂ ૐ આંચાર્ય પરિવ્રાજક વિદ્વત સરસ્વતી સ્વામી શ્રી રાજરાજેશ્વર, મુખ્ય માસીત પંચાલ બ્રાહ્મણ નામના પુસ્તકમાં લખે છે કે.

શ્રી વિશ્વકર્મા ૐ પરમાત્મા જગદિશ્વર પરમ-શિવથી ઉત્પન્ન થયેલા પંચાલશિલ્પિઓ મુખ માસીત બ્રાહ્મણ છે તે વિષે નીચે પ્રમાણે પ્રમાણ છે-

નારાયણ સ્મૃતિનો ૮. અ. ૫. અનુવાક. ૧ પ્રશ્ન

श्लोक.

ॐकार प्रभवोवेदा । ॐकारप्रभवोस्वरः
ॐकारप्रभवं सर्वं । त्रैलोक्यं सचर[illegible]म्

અર્થ—ૐકારરૂપ વિશ્વકર્મા પ્રભુથી વેદ ઉત્પન્ન થયા, તેમજ સ્વર તેમજ સર્વ ત્રૈલોક્ય સચરાચર તે પણ ૐકારથી ઉત્પન્ન થયું તે ૐકાર રૂપ પરમાત્મા વિશ્વકર્માથી મુખમાસીત્ પંચાલ બ્રાહ્મણ ઉત્પન્ન થયા છે, તે વિષે પ્રમાણ પદંભુ પદ્ધતિ ૭. અ. ૫. અંકમાં કહેલું છે કે:—

श्लोक.

प्रथमं तारकाकारं । द्वितीयंदंडकोच्यते ॥
तृतीयं कुंडलिप्रोक्तं चतुर्थमर्धचंद्रकः ॥ १ ॥

पंचमं बिंदु संयुक्तं । एवंमोंकार लक्षणम् ॥
ॐकार प्रभवोशेयो । वर्णानां प्रणवोगुरु॥१॥

અર્થ–પ્રથમ તારકાકાર કહેતાં અકાર

બીજે દંડાકાર કહેતાં ઉકાર
ત્રીજે કુંડલી કહેતાં મકાર
ચોથે અર્ધ ચંદ્રિકા કહેતાં અમાત્રા

પાંચમે બીંદુ કહેતાં અનંત માત્રા આ પાંચો મળીને ૐ કહેવાય છે. આ પાંચ ભગવાન પરમ શિવના પાંચ મુખથી ઉત્પન્ન થયા જે મુખમાસીત બ્રાહ્મણો મનુ–મય–ત્વષ્ટા–શિલ્પી–દૈવજ્ઞ એ પાંચો મળી ૐ થયું અને તે પાંચો ઓં રૂપજ છે તે વિષે પ્રમાણ. વિદ્યાઆરણ્યભાષ્યનો–૧૧–અ. અનુવાક–૭ પ્રશ્ન ૨૧–માં કહેલું છે.

श्लोक.—અકાર મનુરૂપંચ । મયો વૈ દંડકોચ્યતે ॥
વર્તુલાકાર ત્વાષ્ટંચ । શિલ્પિકો અર્ધ ચંદ્રમઃ ॥
દૈવજ્ઞં બિંદુ રૂપાણિ । એવમોંકાર લક્ષણમ્ ॥
એવં ત્રિભુવન રૂપં । દૃશ્યાદૃશ્યન સંશયઃ ॥

અર્થ—અકાર તે મનુ ૧ ઉકાર તે મય. ૨
મકાર તે ત્વષ્ટા ૩ અર્ધ ચંદ્રિકા તે
શિલ્પી. ૪ બિંદી તે દૈવજ્ઞ ૫ રૂપ છે

તે આ ઓંકાર રૂપ જે આદ્ય પરમાત્મા વિશ્વકર્મા તેઓના પાંચ મુખ મળીને ૐ કહેવાય તે આ પાંચ મુખથી પાંચ મુનિશ્વરો ઉત્પન્ન થયા છે તેનો પુનર્જન્મ તે વિષે પ્રમાણ. શુધ. ના૦ અ૦ ૭–શ્લોક૦ ૨૬

શ્લોક—પંચ બ્રહ્મ પુનર્જન્મ પંચ વક્રસ્ય ગર્ભજં ॥
પંચ બ્રહ્માખ્ય તત્વંચ દ્વીતિયસ્તુ મુનીશ્વરઃ ॥

અર્થ—પંચ બ્રહ્મ એ પ્રથમ ઓંકારને ઠેકાણે ઉત્પન્ન થયા ત્યાર પછી વિરાટ વિશ્વકર્માના પાંચ મુખથી પાંચ પ્રકારે નામોથી તત્વો ઉત્પન્ન થયાં, તે મુનિ એટલે મનન કરનાર મનુમય ત્વષ્ટા શિલ્પિ દૈવજ્ઞ એઓનો આ ફરી અવતાર થયો. તે વિષે પ્રમાણ શું—ના૦ અ૦ ૭ માં કહેલુ છે.

શ્લોક—તૃતિયં જન્મ ભેદં ચ સકલૈઃ કારણૈઃ શ્રુણુ ॥

મનુઃ પૂર્વ મુખોજ્દુતો મયો યામ્ય મુખોજ્દ્ભવઃ(॥૨૭॥
પશ્ચિમાસ્યે ભવો ત્વષ્ટા શિલ્પિ ચૈવોતરાસ્યતઃ
ઉર્ધ્વાસ્યે દૈવજ્ઞ સંભૂતિઃ પંચ ગર્ભે મુનિશ્વરાઃ॥૨૮॥

અર્થ—બધા વિશ્વના ઉપયોગના માટે પાંચ જે મુખમાસીત્ બ્રાહ્મણ એમનો આ ત્રીજો અવતાર છે. ઓંકારથી જે વિરાટ રૂપ વિશ્વકર્મા થયા તેમના પાંચ બ્રાહ્મણ ઉત્પન્ન થયા તે એવા જે મનુ એ પૂર્વ મુખથી, ને મય એ દક્ષિણ મુખથી, ત્વષ્ટા એ પશ્ચિમ મુખથી, શિલ્પી એ ઉત્તર મુખથી, ને દૈવજ્ઞ એ ઉર્ધ્વ મુખથી ઉત્પન્ન થયા એ પાંચ બ્રાહ્મણો પાંચ મુખથી ઉત્પન્ન થયા. એમ એ ગર્ભથી મુનિ કહેતાં મનન કરનારા છે ને તેઓ મુખ માસીત્ જે પાંચ બ્રાહ્મણ છે તે વિષે વશિષ્ટ રૂષિએ પૃથુરાજા, સૌનક રૂષિઓ વિગેરેને વિશ્વકર્માના મુખથી ઊત્પન્ન થયેલા જે બ્રાહ્મણ તેમની કથા સંભળાવી છે તે વિષે પ્રમાણ.

વશિષ્ટ પુ૦ કા૦ ૩. અ૦ ૬ શ્લોક–૧૪૦૧૫–૧૬.

શ્લોક–વિશ્વકર્મ મુખોજ્દુતા, બ્રાહ્મણા; પંચ કીર્તિતાઃ ॥

સદ્યોજાત મુખેજાતઃ સાનગો વિશ્વકર્મણઃ ॥૧૪॥
વામદેવ મુખે જાતો બ્રહ્મર્ષિસ્તુ સનાતનઃ ॥
અઘોર મુખ સંજાતો અહભૂન્ વૈશ્વકર્મણઃ ૧૫
તત્પુરૂષ મુખેજાતઃ પ્રત્નો સૌ વૈશ્વકર્મણઃ ॥
તસ્યેશાન મુખેજાતઃ સુપર્ણો વૈશ્વકર્મણઃ ૧૬

અયસાંચ મનુઃ કર્ત્તા કાષ્ટકારો મયઃ સ્મૃતઃ ॥
ત્વાષ્ટ્રિકં; કાંસ્ય કર્ત્તા ચ શિલાકર્તાચ શિલ્પિકઃ॥૨૩
દૈવજ્ઞઃ સ્વર્ણકારશ્ચ પંચાનાં કર્મ પંચકમ્
યે વેદ પચકર્માણિ સર્વ પાપૈઃ પ્રમુચ્યતે ॥ ૨૪

અર્થ—ઓં વિશ્વકર્મા પરમ શિવના પાંચ મુખથી ઉત્પન થયેલા જે પાંચ મુખમાસીત્ બ્રાહ્મણ છે જેવા કે–સદ્યોજાત મુખથી સાનગરૂપી મનું બ્રાહ્મણ કહેતાં લોઢાં આદીનુ કામ કરનાર લોહાર વામદેવ મુખથી સનાતન રૂષી (મય બ્રાહ્મણ) કહેતાં સુતાર કાષ્ટનું કામ કરનાર અઘોર મુખથી અહભુન રૂષી (ત્વષ્ટા બ્રાહ્મણ) કહેતાં કંસારા તાંબા કાંસાદિનું કામ કરનાર, તત્પુરૂષ મુખથી પ્રત્ન ઋષિ (શિલ્પી બ્રાહ્મણ) સોમપરા સલાટ પથરનું કામ કરનાર. ઉર્ધ્વ મુખથી

સુપર્ણ ઋષિ (દૈવજ્ઞ બ્રાહ્મણ) સોની સોના આદિનું કામ, કરનાર એ પાંચ જે મુખમાસીત્ બ્રાહ્મણ તેમનાં એ પાંચ કર્મ તથા પાંચોના પાંચ વેદ તે વિષે પ્રમાણ. યજુર્વેદની શ્રુતિ.

અયો મનુસ્તુ રૂગ્જાતં મયો દારૂ યજુસ્તથા ॥
તામ્રં ત્વષ્ટારજઃ સામ શિલાશિલ્પીત્વથર્વણઃ ॥
રૌપ્યઃ સ્વર્ણાર્કઃ પ્રણુત્વં પંચ બ્રહ્મ વિધીયતે ॥૨૫॥

વળી, પ્રમાણ લી૦ શૈ૦ શ્લોક૦ ૨૫.

રૂગ્વેદશ્ચ મનોશ્ચૈવ યજુર્વેદો મયસ્ય ચ ॥
સામવેદ ત્વાષ્ટિકસ્ય ત્વથર્વા શિલ્પિકસ્ય ચ ॥

અર્થ—મનુનો રૂગ્વેદ, મયનો યજુર્વેદ, ત્વષ્ટાનો સામવેદ, શિલ્પીનો અથર્વવેદ, અને દૈવજ્ઞનો પ્રણુવ-વેદ આ પાંચ મુખમાસીત્ બ્રાહ્મણ છે તે વિષે પ્ર-માણ. યજુર્વેદ-૩૧. અ૦ ૧૧-મંત્ર.

બ્રાહ્મણોસ્ય મુખમાસીત બાહુરાજન્ય કૃતઃ ઉરૂતદસ્ય યદ્ વૈસ્ય પદ્ભ્યાં શુદ્રો અજાયત.

ભાવાર્થ-વિશ્વબ્રહ્મ વિશ્વકર્મા જે ઓં પરમ શિ-વના મુખથી ઉત્પન્ન થયેલા તે બ્રાહ્મણો. ભૂજાથી

ઉત્પન્ન થયા તે ક્ષત્રી. નાભીથી ઉત્પન્ન થયા તે વૈશ્ય પગથી ઉત્પન્ન થયા તે શુદ્ર મુખથી ઉત્પન્ન થયા તે બ્રાહ્મણ પંચ દ્રાવિડ તથા પંચ ગૌડ અથવા એકસો સત્તાવીશ જાતના બ્રાહ્મણોની શાખાઓ છે. ને ભગવંતના મુખથી ઉત્પન્ન થયા એવું વેદને વિષે પ્રમાણ નથી ત્યારે તે ક્યાંથી થયા.

ઉત્તર—વેદમાં એમ કહ્યું છે જે સત્વ ગુણના કર્મ કરે તે બ્રાહ્મણ, તમો ગુણના કર્મ કરે તે ક્ષત્રી રજો ગુણના કર્મ કરે તે વૈશ્ય. રજો તમોથી મીશ્ર કર્મ કરે તે શુદ્ર માટે ગુણ અને કર્મ પ્રમાણે જાતિ કેવાય છે તેથી આ ઋષિ પુરૂષો તપ બળ તથા ગુણ અને કર્મ પ્રમાણે બ્રાહ્મણો થયા છે કાંઇ મુખ આશ્રીત બ્રાહ્મણો છે એવું કાંઈ વેદને વિષે લખ્યું નથી. કીંવા બ્રહ્માથી પંચ ગૌડ અને પંચદ્રાવિડ અથવા એકસો સત્તાવીશ જાતના બ્રાહ્મણ બ્રહ્માના પુત્ર છે એમ કહેશો તો પણ બ્રાહ્મણ કહેવું સંભવતું નથી કીંતુ બ્રહ્મા તો વિષ્ણુ પરમાત્માની નાંભીથી ઉત્પન્ન થયા છે તે સર્વ જગતને વિદીત છે મારે યજુર્વેદના એકત્રીશમાં અધ્યાયમા અગ્યારમા

મંત્રમાં કહ્યું છે જે પરમાત્માની નાભીથી ઉત્પન્ન થયા તે વૈશ્ય ત્યારે નાભીથી તો બ્રહ્મા ઉત્પન્ન થયા છે ત્યારે વેદના આધાર પ્રમાણે બ્રહ્માજી વૈશ્ય છે ત્યારે બ્રહ્માના પુત્ર કહેતા હોય તો એ બ્રાહ્મણ નહિ તેથી ઋષિલોકોને તો તપ વડે તથા ગુણ અને કર્મ પ્રમાણે બ્રહ્મપદની પ્રાપ્તી થઇ છે કીંવા તે ઋષિ પુરૂષોની માતુશ્રી તથા પીતાશ્રી બ્રાહ્મણ ન હતા ત લોકો જે યોનિમાંથી ઉત્પન્ન થયા છે તથા તેમના માતા પીતાનુ નામ તથા વિગેરે ઉત્પત્તી વજ્રસુચી ઉપનિષદમાં કહ્યું છે શ્લોક.

શ્લોક—ઋષિઃ શૃંગી મૃગીજાતઃ કૌશિકો ગાધિનંદનઃ।
જંબુકો જંબુકોત્પત્તિગૌતમો ગોત સંભવઃ ॥
વાલ્મીકઃ શરભોત્પત્તિરાગરત્યઃ કુંભ સંભવઃ ॥
વ્યાસો લુબ્ધક સંભૂતો વસિષ્ઠઃ ઉર્વશી સુતઃ ॥
નારદો રજકી પુત્રઃ કૌડણ્યો મંડુકી સુતઃ ॥
સાંખ્યઃ શ્વપચ સંભૂતો ગાર્ગેયો ગર્દભી સુતઃ ॥
શુનકી ગર્ભ સંભૂત શોનકસ્તુ મહા મુનિઃ

પ્રમાણુ બીજુ શ્લોક પદ્મ પુ૦ ઉત્તર ખં૦ અ૦ ૯૦

શ્લોક—દેવો મુનિર્દ્વિજો રાજા વૈશ્ય સુદ્ર બિડાલકા ॥
પશુ મ્લેછશ્ચ ચાંડાલો દશ વિપ્રા. પ્રકીર્તિતા ॥

અર્થ—ઉપરના વેદવાક્ય પ્રમાણે તથા ૧૦૮ સુધી ઉપનિષદના આ લેખ જોતા ઉપર પ્રમાણે કહેલા રૂષિઓની ઉત્પત્તિ આવી નીચ યોનીથી થયેલી છે તો૫ણ ગુણકર્મ અથવા તપ બળથી આવા મોટા મહાત્મા કહેવાય છે અને ગુરૂપદ મેળવ્યું છે તો શ્રી વિશ્વકર્મા વંશચ પરમ શિવના મુખથી ઉત્પન્ન થયેલા મુખમાસીત પંચાલ બ્રાહ્મણ છે તે વિષે પ્રમાણ યજુર્વેદ. અરન. પ્રશ્ન ૧૦. અ૦ ૧૭. મત્ર. ૨૧.

ઓં સદ્યોજાત મુખમાસીત–મનુર્વિશ્વકર્મણ ઉદ્ભવતી ઓં વામદેવ મુખમાસીત મય વીશ્વકર્મણ ઉદ્ભવતી ઓં અઘોર મુખમાસીત ત્વષ્ટા વીશ્વકર્મણ ઉદ્ભવતી ઓં તત્પુરૂષ મુખમાસીત શિલ્પી વીશ્વકર્મણ ઉદ્ભવતી ઓં ઇશાન મુખમાસીત દૈવજ્ઞ વીશ્વકર્મણ ઉદ્ભવતી ઓં શાંન્તીઃ–૩

અર્થ—વૈરાટસ્વરૂપ જે આદ્ય પરમાત્મા પરમ-શિવના મુખથી મુખમાસીત્ પાંચ મુનીશ્વરો ઉત્પન્ન થયા પુર્વમુખથી સાનગ ૠષા ઉત્પન્ન થયા, મનુ બ્રાહ્મણ કહેતાં લોહાર. દક્ષણુ મુખથી સનાતન ૠષી ઉત્પન્ન થયા, મય બ્રાહ્મણ કહેતાં સુથાર. પશ્ચિમ મુખથી અહભુન ૠષી ઉત્પન્ન થયા, ત્વષ્ટા બ્રાહ્મણ કહેતાં કંશારા. ઉત્તર મુખથી પ્રત્ન ૠષી ઉત્પન્ન થયા. શિલ્પ બ્રાહ્મણ કહેતાં સલાટ. ઉર્ધ્વ મુખથી સુપર્ણ ૠષી ઉત્પન્નથયા દૈવજ્ઞ બ્રાહ્મણ કહેતાં સોની એ પાંચે ૠષીના વંશ તે પંચાલ મનુ મય ત્વષ્ટા શિલ્પિ દૈવજ્ઞ એ પાંચોને પાંચ ૠષીએ કન્યા આપેલી છે. તે વીષે પ્રમાણ ૨૬૦ બા૦ અ૦ ૮ વીશ્વબ્રહ્મ કુલોત્સાહ પ્ર૦ ૧૮ લીટી ૨૮ માં તથા બ્રાહ્મણ વિચાર નામના ગ્રંથના અધ્યાય ૮ માં કહેલ છે જે—

મનુ બ્રાહ્મણની સ્ત્રી કાંચના તે અંગીરા ૠષીની કન્યા મય બ્રાહ્મણની સ્ત્રી સુલોચના તે પગાશર ૠષીની કન્યા ત્વષ્ટા બ્રાહ્મણની સ્ત્રી જયંતી તે કૌશક ૠષીની કન્યા શિલ્પી બ્રાહ્મણની સ્ત્રી કરૂણા તે ભૃગુ-ૠષીની કન્યા દૈવજ્ઞ બ્રાહ્મણની સ્ત્રી ચંદ્રીકા જૈમિની

ઋષીની કન્યા આ પાંચ મુખમાસીત બ્રાહ્મણોના વં· શજોને વેદાદી ષટકર્મ કરવાનો અધીકાર છે તે વીષે પ્રમાણ

યજુર્વેદઅષ્ટક ૨ પ્રશ્ન ૫ અનુવાક ૧.
વીશ્વરૂપો વૈત્વાષ્ટઃ પુરોહીતો દેવાનામાસીત
અસ્યાર્થ તુ વિધારણ્ય ચરણૌ.

અર્થ—એ છે જે આદ્ય પરમાત્મા વીશ્વકર્મા ઓં શિવકલ્યાણ સ્વરૂપ તેઓની સંતતિ મુખમા- સીત્ પંચાલ બ્રાહ્મણો મનુ ત્વષ્ટા વીગેરે એ દેવોનું પુ- રોહીતપણું કરેલુંછે. એમ વેદાદી સતશાસ્ત્રનું કહેવું છે. તે માટે પંચાલ બ્રાહ્મણોને વેદાદી ષટકર્મનો અધી- કાર છે. તે વીષે પ્રમાણ ૨૪ અથર્વ કાંડી

પંચાલાનાંચ સર્વેષાં આચાર ઇતી ગીયતો ।
અષ્ટાંગ યોગઃ ષટકર્મ પંચયજ્ઞા ઇતી શ્રૃતિઃ ૫.

અર્થઃ—સર્વે પંચાલનો આચાર એવો છે જે તેમણે અષ્ટાંગયોગ, ષટકર્મ (વેદ ભણવા અને ભણા- વવા યજ્ઞ કરવા અને કરાવવા; દાન લેવું અને દેવું) અને પંચમહાયજ્ઞ વિગેરે વેદોક્ત કર્મકાંડ વિગેરે

ક્રીયા કરવાનો અધીકાર છે. એવું વેદાદી શતશાસ્ત્રનું કહેવું છે ને અમારો પણ એજ મત છે કિંવા આદ્યપરમાત્મા જે વિશ્વકર્મા વિશ્વબ્રહ્મ પરમાત્મા શિવ છે. તે વિશે પ્રમાણ. (શ્લોક)

કિં ૢ સ્વિદાસીદધિષ્ટાન ભારમ્ભણ કતમ સ્વિત કથસીત ॥ યતે ભૂમિ જનયન વિશ્વકર્મા વિધામોર્ણો ન્મહિના વિશ્વ ચક્ષા ॥ ૨૫–૧૧ ॥ યજુ. ૧૭ ।૧૯ ॥

અર્થઃ—સર્વસાક્ષી વિશ્વપાલક વિશ્વકર્મા, સર્વજ્ઞ એજ આ જગતના આધાર અને ઉત્પન્ન કર્તા છે. અને સર્વ વ્યાપક છે. તે વિષે બીજું પ્રમાણ.

(શ્લોક)

વિશ્વતશ્ચક્ષુરૂત વિશ્વતો મુખો વિશ્વતો બાહુરૂત વિશ્વ તસ્પાત સ બાહુ મ્યાં ધમતી સંપતંત્રે ધાવા ભૂમિ જનયન્દેવ એક ॥ ૧૨ ॥૧૨॥ યજુ ૧૭ ॥

અર્થઃ—સર્વવ્યાપક. સર્વદ્રષ્ટા પરમેશ્વર, વિશ્વકર્માએજ આ વિશ્વ રચી છે, અને તે એકજ, અનેક નથી. એ પ્રમાણે યજુર્વેદમાં ઘણા મંત્ર છે એ·

જ પ્રમાણે સામવેદમાં પણ ઉત્તરાર્ધમાં ઉપલાજ અર્થના મંત્ર છે. કિંવા આદ્ય પરમાત્મા જે આં વિશ્વકર્મે જે પરમ શિવના પંચમુખથી ઉત્પન્ન થયેલ મનુ, મય, ત્વષ્ટા, શિલ્પી, અને દૈવજ્ઞ એ પાંચો ગર્ભથીજ બ્રાહ્મણ છે. તે વિષે પ્રમાણ શિલ્પશાસ્ત્ર.

શ્લોક.

વિશ્વકર્મ કુલેજાતા ગર્ભ બ્રાહ્મણ નિશ્ચિતાઃ ।
શુદ્રત્વં નાસ્તિ તદ્દંશે બ્રાહ્મણો વિશ્વકર્મણઃ ।

ભાવાર્થ ભગવાન વિશ્વકર્માં (પરમ શિવ) ના કુળમાં જે, શિલ્પિ ઉત્પન્ન થયલા છે તે સર્વ ગર્ભથીજ બ્રાહ્મણ છે; અને ત્રણે કાળમાં તેના વંશમાં શુદ્રપણું છેજ નહિ.

શંકા હરિચંદ્રની

પરમશિવ જે વિશ્વકર્માં તેઓના મુખથી ઉત્પન્ન થયા, જે પંચાલ મનુ, મય, ત્વષ્ટા, શિલ્પિ, દૈવજ્ઞ, તે વિષે કંઇ પ્રમાણ છે ?

ઉત્તર.—વિદ્વત્ સરસ્વતી.

પ્રમાણ વશિષ્ઠ. પુ. કાંડ ૩. અ. ૬ માં કહ્યુંછે.

શ્લોક.

વિશ્વકર્મા પરબ્રહ્મ જગદાધાર સૃત્રકઃ ॥ તન્મુખાની તુ વૈ પંચ પંચ બ્રહ્મેત્યુદાહૃતમ્ ॥ ૧

ભાવાર્થ—જગતના આધાર એવા જે વિશ્વકર્મા પરિબ્રહ્મ છે; તેના પાંચ મુખથી પાંચ બ્રાહ્મણ મનુ, મય, ત્વષ્ટા, શિલ્પિ અને દૈવજ્ઞ ઉત્પન્ન થયા છે; અને તેઓના વંશમાં જે શિલ્પિઓ ઉત્પન્ન થયેલા છે તે સર્વે ગર્ભથીજ બ્રાહ્મણ છે અને સાનગ રૂષિએ સર્વ દેવોને હથીઆર આપેલા છે, તે વિષે પ્રમાણ–સ્મૃતિ–

(શ્લોક.)

સાધનં નાસ્તી સર્વત્ર લોકાનાં સર્વં સાધકઃ કરોતિ લોહ કર્માણિ લોકો રક્ષતિ સાનગ; ॥ ૨ ॥ દદૌઅસ્ત્રાણિ દેવાનાં દુષ્ટ નિગ્રહ કારણાત ॥ સચ સર્વ જગત્કર્ત ! સદ્યોજાત મુખોદ્ભવઃ ॥ ૩ ॥ શુલં દદાતિ ભર્ગાય ચક્રં દત્તં ચ વિષ્ણુવે ॥ પાશસ્તુ બ્રહ્મણે દત્તો નિર્મુત્યોત્મગ સાનગ ॥ ૪ ॥ આનો ભાવાર્થ એવો છે જે સદ્યોજાત મુખથીઉત્-

ભવ થયેલા સાનગ રૂષિ લોખંડનું કામ કરનાર તેમણે દેવતાઓને દુષ્ટ અસુરને નાશ કરવા તોમર, બંદુક, તલવાર, ભાલા, બરછી, સુદર્શણ, વિષ્ણુનું અખંડ હાથમાં ધારણ કરવાનું ચક્ર તથા ફરશુરામની ફરસી તથા વજ્ર તથા સૂર્યને શૂલ બ્રહ્માને પાસી એવા કેટલાક ઓજાર કરી આપેલાં છે માટે જગત્કર્તા સાનગ રૂષીને વારંવાર નમસ્કાર હો, તેવી રીતે સનાતન રૂષિ અહભુન રૂષિ પ્રત્નરૂષિ અને સુપર્ણ ઋષિ થયા છે. આ પાંચે રૂષિનાં વંશ પાંચ જે લોહાર, સુતાર વિગેરે છે. તેમના વિસ્તારથી દુકાણ રાખ્યું છે. જેને જાણવું હોય તેને પ્રસિદ્ધ કરતાને મળવાથી વિસ્તારથી જણાવવામાં આવશે. માટે આ પાંચે, મુખમાસીત્ બ્રાહ્મણો છે, અને દ્વારકાવાસી કૃષ્ણ તથા ત્યાંના લોકો લક્ષ્મીની ઇચ્છા માટે ભગવાન પરમશિવ જે વિશ્વકર્મા તથા તેઓના પાંચ પુત્રોની પુજા કરતા હતા તે વિષે પ્રમાણ—પદ્મ પુ. ભૂ. અ. ૨૫

(શ્લોક.)

પંચભિઃ સહિત; પુત્રૈર્વિશ્વકર્મા ગિરીંદ્રજે ॥

દ્વારકાવાસિભિર્નિત્યં શ્રીકામૈઃ પુજ્યતે સદા ॥૪૭॥

ભાવાર્થઃ— હે પાર્વતિ, મનુમય ત્વષ્ટા, શિલ્પિ તથા તક્ષા આ પાંચવિસ્વ કર્મના પુત્રોની લક્ષ્મીની પ્રાપ્તિની ઇચ્છાવાળા દ્વારકાનીવાસી નિત્ય પુજા કરતા હતા. તેથી આદ્ય પરમાત્મા વિસ્વકર્મા જે શિવ તેમના જે પાંચ પુત્ર તેઓ મુખમાસીત્ બ્રાહ્મણ છે તેમની પુજા કરી અને ભોજન જમાડે તે એક હજાર ક્રોડ વેદ પાઠી બ્રાહ્મણને જમાડયાનુ પુન્ય છે. આવું મહાત્મ્ય પંચાલ બ્રાહ્મણનું છે. તે વિષે પ્રમાણ—સ્મૃતિ શિલ્પ શાસ્ત્ર.

(શ્લોક)

શુદ્રકોટિ સહસ્ત્રાણા મેકો વિપ્ર પ્રતિષ્ટિતઃ ॥
વિપ્રકોટિ સહસ્ત્રાણામેક શિલ્પિ પ્રતિષ્ટિતઃ ॥૧॥

અર્થઃ—હજાર ક્રોડ શુદ્રને જમાડયાનું જે ફળ તે વેદના જાણવાવાળા એક વિપ્રને જમાડયા બરાબર છે. અને હજાર ક્રોડ વેદના જાણવાવાળા વિપ્રને જમાડયાનું જે ફળ તે એક વિશ્વકર્મા વંશજ પંચાલને જમાડયા બરાબર છે. કારણ વિશ્વકર્મા (પર-

મશિવ) મુખોદ્ભવ થએલા પવિત્ર સંતાનોને તૃપ્ત કર-વાથી સર્વદેવ સહિત ભગવાન સદાશિવ પ્રસન્ન થાય છે. કારણકે તેમના પુત્ર પણ વિશ્વરૂપજ છે, માટે તેમને હરેક પ્રકારથી તૃપ્ત કરવા એવો શાસ્ત્રનો મત છે કારણ કે જગતના પરમ ઉપકારના કર્તાએ. એજ બુદ્ધિથી વિચારો, તો માલમ પડશે. કારણ કે વિશ્વકર્મા શિવ તથા તેઓના પાંચ પુત્રો પંચાલ પ્રતીમાની પુજા કરેલી છે. તે વિષે પ્રમાણ.—

(શ્લોક)

રૂદ્ર યા૦ વસ્તુમાં લખ્યું છે જે—પંચાલાસ્તે સ-દાપૂજ્યાઃ પ્રતિમા વિશ્વકર્મણ; ॥

ભાવાર્થઃ—

પાંચ પાંચાલ તે વિશ્વકર્માની પ્રાતમા છે; માટે તેની હમેશાં. પૂજા કરવી—

કિંવા ભગવાન આદ્યપરમાત્મા જે ઓં તે વિ-શ્વના કલ્યાણને માટે શિવ કહેવાય છે અને વિશ્વને ઉત્પન્ન કરે છે. તેથી વિશ્વકર્મા કહેવાય છે. બીજા પણ અનેક પ્રકારના પરમાત્માના નામો છે. માટે

વિશ્વને ઉત્પન્ન કરે છે. તેથી વિશ્વકર્મા કહેવાય છે. અને વિશ્વનું પોશણ કરે છે, માટે વિષ્ણુ કહેવાય છે. મહા પ્રલયમાં સર્વ વિશ્વને પોતાના વિષે લય કરે છે લેથી તેમનું નામ રૂદ્ર કહેવાય છે. માટે આ બધાંનામ પરમાત્માનાજ છે. એમાં કંઇ ભેદ સમજવા જેવું નથી. તે વિષે પ્રમાણુ—

તૈત્તિરીયૈતરેયશ્વેતાશ્વતરોપનિષદ્ત્રયે શ્રુતિ.

યો દેવાનાં પ્રથમં પુરસ્તાદ્ વિશ્વાધિપો રૂદ્રો મહર્ષી હિરણ્યગર્ભં પશ્યત જાયમાનં સંનોદેવઃ શુભયારમૃત્વા-
સંયુનક્તુ ॥

જ્ઞાત્વા શિવં સર્વ ભૂતેશુ ગૂઢં વિસ્વસ્યૈક પરિવેષ્ટિતારં જ્ઞાત્વા દેવં મુચ્યતે સર્વ પાશૈરેવ વેદો વિશ્વકર્મા
મહાત્મા ॥

ભાવાર્થઃ—

• વિશ્વકર્મા જગાદશ્વર મહાન રૂષિ સદાશિવ મૂર્તિ છે. ભગવાન પરમશિવ અને વિશ્વકર્મા એકજ નામ છે. ચહાય તો વિશ્વકર્મા કહો, ને ચહાયતો

પરમ શિવ કહો એમાં કાંઇ પણ ફેર નથી તેથી ભગવાન વિસ્વકર્માના મુખથી ઉત્પન્ન થએલા તમે મુખમાસીત્ પંચાક્ષ બ્રાહ્મણો આવા શ્રેષ્ટ પદના અધિકારી થઇને વેદ ધર્મનો ત્યાગ કરો છો. એ તમારી ઘણી ભુલ છે. કિંવા આ ભારત ભુમીના વિષે જન્મ લઇ અને જનોઇ શિખા, ત્રિપુંડી ગાયત્રી વિગેરે ષટકર્મ જેણે નથી કર્યા તે ઘણા દોષનો ભાગી થાય છે. તે વિષે પ્રમાણ—બ્રહ્મયામલમાં લખ્યું છે જે—

(શ્લોક.)

ઉપવિત શિખા બંધ્ર મૂર્ધ્વં પુંડ્ર વિનાકૃતં ।
યોગોદાનં જપો હોમ; સ્વાધ્યાય પિતૃતર્પણું ॥
ભસ્મીત ભવતિ તત્સર્વમૂર્ધ્વ પુંડ્રવિનાકૃતમ્ ॥

અર્થ—ઉપવિત, શિખાબંધન, ઉર્ધ્વ પુંડ્ર અથવા ત્રિપુંડી કર્યા વગર યોગ, દાન, જપ, હોમ, સ્વાધ્યાય અને પિતૃતર્પણ એ સર્વે બળી જાય છે. માટે યજ્ઞોપવિત શિખાદિ જરૂર ધારણ કરવા. યજ્ઞોપવિત

અને શિખા વિશ્વકર્માના પુત્રોએ તથા દ્વિજોએ ધારણ કરવા, જો ન કરે તો શુદ્ર કહેવાય અને ઉપર લખેલા જે સુકૃત તેનું ફળ બિલકુલ ન મળતાં બળી ભસ્મ થાય છે. માટે અવશ્ય ધારણ કરવાં જોઇએ. બ્રહ્માંડ પુરાણમાં પણ તે પ્રમાણે બતાવ્યું છે. વળી આન્હિક સૂત્રાવલિગાં ગ્રંથાંતરનું વાક્ય છે કે.

(શ્લોક.)

સ્નાનેદાને જપે હોમે સંધ્યામાં દેવતાર્ચને ।
શિખા ગ્રંથિવિના કર્મ ન કુર્યાદ્વૈ કદાચ ન ॥


અર્થ—સ્નાનમાં, દાનમાં, જપમાં, હોમમાં, સંધ્યામાં અને દેવતાની પૂજામાં વગેરે વૈદિક કર્મો શિખા બાંધ્યા સિવાય કદી પણ કરવા નહિ. તેથી દ્વિજ વર્ગવાળા પુરૂષોને હમેશાં સંધ્યોપાસના કરવી જોઇએ તે ન કરે તો શુદ્રની માફક થાઓ છો. તે વિષે પ્રમાણ. મરૂચી મુનીનું કહેવું છે.

(શ્લોક.)

સંધ્યાયેન ન વિજ્ઞાતા સંધ્યાયેન નોપાસિતા ।

જીવમાનો ભવેત્ શુદ્રો મૃત્ય સ્વાચાભિજાયતે ।।

આનો અર્થ એ છે જે જેણે સંધ્યાજાણી નથી. અને સંધ્યોપાસના કરી નથી તે દ્વિજ જીવતા શુદ્ર જાણવો અને મર્યા પછી કુતરાનો અવતાર થાય છે. તેથી હમેશાં ષટ કર્મો કરવા જોઇએ.



ઐાદીચ્ય સહસ્ત્ર વંકટ રામાત્મજ હરિકૃષ્ણ શર્મા પોતાના બ્રાહ્મણો-ત્પતિ માર્તણ્ડ નામના પુ-સ્તકમાં--અથ-પાંચાલ બ્રાહ્મણો પ્રકરણમ્ ॥૫૨॥ પૃષ્ટ ૫૬૨ માં લખે છે કે

પંચાલ બ્રાહ્મણ.

શિવ પાંચાલ-બ્રહ્મપંચાલ-ઉપપાંચાલ

હવે શિવ પાંચાલ બ્રાહ્મણ બ્રહ્મ પાંચાલ બ્રાહ્મ-ણ. ઉપ પાંચાલ બ્રાહ્મણોની ઉત્પત્તિ કહે છે એમાં પહેલાં શિવ પાંચાલનો ભેદ કહે છે શિવ પાંચાલ જે છે. તે પંચમુખી પરમેશ્વર જે શિવ એમના પાંચ મુખથી એમના પંચ કર્મ સહ વર્તમાન લોકના હિત

કરવાના વાસ્તે ઉત્પન્ન થયા છે ॥ ૧ ॥ એ શિવ પાંચાલોના પાંચ નામ કહે છે, મનુ. મય. ત્વષ્ટા. શિલ્પિ. દૈવજ્ઞ. એ પાંચ શિવ પાંચાલ બ્રાહ્મણ ગ્રંથોમાં કહેલા છે ॥ ૨ ॥ શિવ પાંચાલના પાંચ કર્મ કહે છે. મનુ શસ્ત્રાદીક નિર્માણ કરી લોકસંહાર કરનારા, મય લોકના કામમાં આવે એવા કાષ્ટના પદાર્થ બનાવી લોકોને પાલન કરનારા, ત્વષ્ટા લોકોના હિતને વાસ્તે અનેક પદાર્થ ઉત્પન્ન કરનારા, શિલ્પિ ? ઘર, કિલ્લા, કોટ, દેવમંદિર બનાવનારા, ॥ ૩ ॥ દૈવજ્ઞલોક હિતાર્થે સુવર્ણના અલંકાર કરનારા એવા એ પંચકર્મ કરનારા શિવ પાંચાલ લોક હિતાર્થે ઉત્પન્ન થયા છે ॥ ૪ ॥ હવે પાંચોના લક્ષણ કહે છે જેના જાણવાથી શિલ્પના આચાર સ્પષ્ટ થાય છે ॥ ૫ ॥ મનુશિવ સ્વરૂપી છે, મય વિષ્ણુરૂપી, ત્વષ્ટા બ્રહ્મરૂપી, શિલ્પિ ઇંદ્રરૂપી. દૈવજ્ઞ સાક્ષાત નારાયણ રૂપી છે. । એ પાંચોના જે સ્વરૂપ જાણે છે તે બધા પાપથી મુક્ત થાય છે ॥ ॥ ૬ ॥ ૭ ॥ હવે શિવ પાંચાલના ગુણ કહે છે. મનુ તમોગુણી. મય સત્વગુણી. ત્વષ્ટા રજોગુણી.

શિલ્પિ સત્વરજ તમોગુણી ॥ ૮ ॥ દૈવજ્ઞ શુદ્ધ સ-
ત્વગુણી છે. એ પાંચ ગુણોને જે જાણે છે તે બધા
બંધનથી મુક્ત થાય છે ॥ ૯ ॥ શિવ પાંચાલના
વર્ણન કહે છે મનુ સ્ફાટિક શરીરવાળા. મય નીલ-
વર્ણ. ત્વષ્ટા લાલ વર્ણ શિલ્પિ ધુમ્ર વર્ણ ॥ ૧૦ ॥
દૈવજ્ઞ સુવર્ણ સરખા પીત વર્ણ છે. એ પાંચ વર્ણોને
જે જાણે છે તે બધા પાપથી મુક્ત થાય છે ॥
॥ ૧૧ ॥ શિવ પાંચાલના પાંચ કુંડ કહે છે. ।
મનુના ત્રિકોણ કુંડ, મયના ચતુષ્કોણ કુંડ. ત્વષ્ટા-
ના વર્તુલ કુંડ, શિલ્પિના ષટકોણ કુંડ ॥ ૧૨ ॥
દૈવજ્ઞના અષ્ટકોણ કુંડ, એ પાંચ કુંડોને જે જાણે
છે તે બધા દોષોથી મુક્ત થાય છે ॥ ૧૩ ॥ શિવ
પાંચાલના દંડ કહે છે મનુના દંડ રૂપાના છે મયના
વેણું દંડ છે ત્વષ્ટાના તામ્રદંડ છે શિલ્પિના લોહ
દંડ છે ॥ ૧૪ ॥ દૈવજ્ઞના સુવર્ણના દંડ છે એ
પાંચ દંડને જે જાણે છે એ બધા ભયથી મુક્ત
થાય છે ॥ ૧૫ ॥ શિવ પંચાલના સુત્ર કહે છે ।
મનુના રૂપાના સુત્ર છે, મયના પદ્મસુત્ર છે; ત્વષ્ટાના
તામ્રસુત્ર છે; શિલ્પિના કાર્પાશ સુત્ર છે ॥ ૧૬ ॥

દૈવજ્ઞનો સુવર્ણ સુત્ર છે એ પાંચ સુત્રોને જાણે છે તે બધા પાપથી મુક્ત થાય છે ॥ ૧૭ ॥ શિવ પંચાલના કર્મ કહે છે મનુ તો લોખંડ ધાતુઓના પદાર્થોને બનાવનાર; મય કાષ્ટોના પદાર્થોને બનાવનાર; ત્વષ્ટા કાંસાના પદાર્થોને બનાવનાર; શિલ્પિ પાષાણોના પદાર્થોને બનાવનાર ॥ ૧૮ ॥ દેવજ્ઞ સુવર્ણના પદાર્થોને બનાવનાર છે એ પાંચ કર્મોને જે જાણે છે એ બધા પાપથી મુક્ત થાય છે ॥ ॥ ૧૯ ॥ શિવ પંચાલના પાંચ વેદ કહે છે. । મનુનો રૂગવેદ; મયનો યજુર્વેદ; ત્વષ્ટાનો સામવેદ; શિલ્પિનો અથવર્ણવેદ ॥ ૨૦ ॥ સુષુમ્ણાખ્યવેદ દેવજ્ઞનો છે એ પાંચ વેદોને જે જાણે છે તે સાયુજ્યતાને પામે છે ॥૨૧॥ હવે લોકહિતાર્થે બ્રહ્મ પંચાલ ઉપ પંચાલોની અને બીજી વર્ણોની એ ઉત્પતિ કહે છે ॥ ૨૨ ॥ વિશ્વ કર્માની આજ્ઞાથી વૈરાજ શબ્દ વાચ્યદેવ ગણુથી વરિષ્ટ જે બ્રહ્મદેવ એમણે ચૌદલોક ઉત્પન્ન કરી પછી ચાર મનુ ઉત્પન્ન કર્યા એ કહે છે ॥ ૨૩ ॥ ૨૪ ॥ વૈરાજ બ્રહ્માના મુખથી બ્રાહ્મણ સૃષ્ટિમાં ઉત્પન્ન કરનારા સ્વયંભુવ મનુ થયા

તે બ્રાહ્મણ છે; વૈરાજ બ્રહ્માના બાહુથી ક્ષત્રિય સૃ-
ષ્ટિમાં ઉત્પન્ન કરનારા ક્ષત્રિયરૂપ સ્વારોચી મનુ
થયા ॥ ૨૫ ॥ વૈરાજ બ્રાહ્મના ઉરૂ મંડલથી વૈશ્ય
સૃષ્ટિમાં ઉત્પન્ન કરનારા વૈશરૂપ રેવત મનુ થયા;
વૈરાજ બ્રહ્માના પાદ મંડલથી શુદ્ર વર્ણોને ઉત્પન્ન
કરનારા શુદ્રરૂપ તામસ મનુ થયા ॥ ૨૬ ॥ હવે
પ્રથમ જે સ્વયંભુ મનુ એમના છઃ પુત્ર થયા અથર્વ
વેદ; સામવેદ; યજુર્વેદ; રૂગ્વેદ ॥ ૨૭ ॥ વેદ વ્યાસ;
પ્રીયવ્રત એ છ પુત્ર બ્રાહ્મણ થયા હવે ઉપ બ્રાહ્મણ
કહે છે તે સાંભળો ॥ ૨૮ ॥ સ્વયંભુવ મનુથી ચાર
ઉપ બ્રાહ્મણ થયા । એમાં પહેલા શિલ્પાયન; ગૌર-
વાયન; કાયસ્થાયન; માગધાયન એવા એ ચાર ઉપ
બ્રાહ્મણ કહેવાય છે ॥ ૨૯ ॥ અને પુર્વે અથર્વા-
દિક છઃ પુત્ર સ્વાયંભુવના છે । એ મુખ્ય બ્રાહ્મણ
કહેવાય છે ॥ ૩૦ ॥ જે જે મુખ્ય બ્રાહ્મણ છે
એમને રૂગ્વેદાદી ચારે વેદોના અધ્યન કરવાના છે
॥ ૩૧ ॥ અને સ્વયંભુવના પુત્ર ૪ ઉપ બ્રાહ્મણ
શિલ્પાયન કહેવાય છે ॥ ૩૨ ॥ એ ઉપવેદી ઉપ
બ્રાહ્મણ છે એમના આયુર્વેદ; ધનુર્વેદ; ગાંધર્વ વેદ;

શિલ્પ વેદ એ ચાર વેદોના કર્મથી અધ્યન કરવાનો ધર્મ છે ।। ૩૩ ।। હવે મુખ્ય બ્રાહ્મણુ ઉપ બ્રાહ્મણોનો સાધારણુ ધર્મ કહે છે મુખ્ય બ્રહ્મ પંચાલ ઉપ પચાલ એમને શીખા યજ્ઞોપવીત ધારણુ અને ગાયત્રી મંત્ર અને સંધ્યોપાસના કરવાનો ધર્મ છે ।।૩૪।। ૩૫ ।।૩૬।। અથવર્ણુ વેદના ઉપવેદ શિલ્પવેદ છે એટલા માટે બધા શિલ્પિ અથવર્ણુ નામથી કહે છે ।। ૩૭ ।। સ્વયંભુવ મનુના ચાર પુત્ર ઉપ પંચાલ કહ્યા । એમાંથી જેષ્ટ પુત્ર જે શિલ્પાયન એમની સંતતી કહે છે। લોહાર, સુતાર. પાથરવટ, તાંબડ કર, સોનાર એ પાંચ લોકોપકાર્થે થયા ।। ૩૮ ।। હવે બધા પંચાલોની શાખાદિક કહે છે । બધાની વિશ્વકર્મા શાખા અને કૌડિન્ય ગોત્ર, આત્રેય ગોત્ર, ભારદ્વાજ ગૌત્ર ગૌતમ ગોત્ર, કાશ્યપગોત્ર એ પાંચ ગોત્ર પંચાલના છે। સધો જાત પ્રવર, વામદેવ પ્રવર, અઘોર પ્રવર તત્પુરૂપ પ્રવર, ઇશાન પ્રવર એ પંચ પ્રવર ક્રમથી જાણુવા । આશ્વાલાયન સૂત્ર, આપસ્તંબ સૂત્ર, દાક્ષાયણુ સૂત્ર, કાત્યાયન સૂત્ર એ પાંચ સુત્ર ક્રમથી જાણુવા ।। ૩૯ ।। આ મુખ્ય

પાંચાલ બ્રાહ્મણોના રૂદ્ર દૈવજ્ઞ ત્રિષ્ટુપ છંદ રૂદ્રી ગાયત્રી યોગ છે ॥ ૪૦ ॥ આ બધાએ શિલ્પવેદની પાંચ સંહિતાના અધ્યન કરવાં જોઇએ ॥ ૪૧ ॥ શિલ્પાયનના મોટા પુત્ર જે લોહાર એ મનુના શિષ્ય થઇને ધાતુવેદ સંહિતાના પાઠ કરતા થયા ॥ ॥ ૪૨ ॥ સુત્રધાર જે સુતાર એ મયના શિષ્ય થઇને સૂત્રધાર સંહિતા અને કૌક શાસ્ત્રના પાઠ કરતા થયા ॥ ૪૩ ॥ તામ્રકાર ત્વષ્ટાના શિષ્ય થઇને તામ્ર સંહિતાના પાઠ કરતા થયા ॥૪૪ ॥ શિલાકાર જે શિલ્પિના શિષ્ય થઇને શૈલ સંહિતાના અધ્યયન કરતા થયા ॥ ૪૫ ॥ તક્ષા જે સ્વર્ણકાર દૈવજ્ઞના શિષ્ય થઇને સુવર્ણ સંહિતાના પાઠ કરતા થયા ॥ ૪૬ ॥ સમસ્ત પચાલોએ શિલ્પ શાસ્ત્રની પાંચ સંહિતાના અધ્યયન કર્યા ॥ ૪૭ ॥ અને વિશ્વકર્મ શાખાય શિલ્પ વેદની પાંચ સંહિતાનાં અધ્યયન કરશે અને એમના પુત્ર પૌત્રાદિક સંતાન પણ મૃત્યુલોકમાં ઉપ બ્રાહ્મણ નામથી વિખ્યાત થશે હવે પંચાલ જાતીના દેવતા પાંચ કહે છે । જે વિશ્વકર્માના મુખથી ઉત્પન્ન થયા, ॥ ૪૯ ॥ મનુ,

મય, ત્વષ્ટા, શિલ્પિ, દૈવજ્ઞ એ દેવતા જાણુવા એ પાંચે જણા સ્વર્ગમાં રહીને યજ્ઞનાં રક્ષણુ કરતા પંચાલ જ્ઞાતિના મનોરથ પૂર્ણુ કરે છે ॥ ૫૦ ॥ હવે પંચાલ જાતીના આચાર કહે છે । યમ. નિયમ. આસન. પ્રાણુાયામ પ્રત્યાહાર. ધ્યાન. ધારણા. સમાધિ કરીને આઠ અંગ અને ષટ્કર્મ અને પંચ મહાયજ્ઞ પંચાલોને માટે કહ્યા છે ॥ ૫૧ ॥ ષટ્કર્મ કયા તે કહે છે યજન (યજ્ઞ કરવા) યાજન (બીજાની તરફથી યજ્ઞ કરાવવા) વેદ ભણુવા. બીજાને વેદ ભણુાવવા, દાન. કહે છે પરલોકાર્થે દ્રવ્ય સત્પાત્રને દેવું પ્રતિગ્રહ (કહે છે બીજાપર લોકાર્થે દ્રવ્ય આપે તો લેવાં) એહ ષટ્કર્મ જાણુવાં ॥ ૫૨ ॥ હવે પ્રાતઃકાલ મધ્યાહ્નકાલ સાયંકાલ ત્રિકાલ સ્નાન સંધ્યાવંદન અને અગ્નિમાં હોમ પંચાલોએ કરવાં ॥ ૫૩ ॥ નિત્ય કર્મ એને કહે છે જે કર્મ કરવાથી વિશેષ ફળ નહીં અને ત્યાગ કરવાથી ન પાપ થાય એવાં સંધ્યા વંદનાદિક હવે નૈમિત્તિક કર્મ કોને કહેવાં તે કહે છે । જે કર્મ કરવાથી આપણી કામના પૂર્ણ થાય એને નૈમિત્તિક કર્મ જાણુવાં; જેવાં

વ્રતાદિક એવાં નિત્ય નૈમિત્તિક કર્મ પંચાલોએ કરવાં પિતૃયજ્ઞ, (શ્રાદ્ધતર્પણ અતિથિ પૂજન) ભૂત યજ્ઞ, બલિહરણ) દેવયજ્ઞ, દેવ પૂજા ॥ ૫૪ ॥ જપ યજ્ઞ (એટલે ગાયત્ર્યાદિ જપ) દેવતા તર્પણાદિક બ્રહ્મ યજ્ઞ એવાં એ પાંચ મહા યજ્ઞ ષટ્કર્મ અષ્ટાંગ યોગ એ ત્રણ આચાર અને પૂર્વોક્ત ત્રણ કર્મ કરવાનો પંચાલોને અધીકાર છે.

ૐ

વિશ્વ બ્રહ્માએ નમઃ

જગત્ ગુરૂ શ્રી વિશ્વકર્મા ઉત્પતિ મનુ સંતાનોને પોતાના સ્વધર્મ વિશે

ચેતવણી.

વિશ્વને કર્ત્તા વિશ્વકર્મા (પરમ શિવ) ના પવીત્ર

સંતાન (લોહાર સુતાર વિગેરે) લોહાર જ્ઞાતિને આ પત્રથી વિનંતી કરવામાં આવે છે કે, હાલ સુધી આપણી ઉત્પતિ વિશે આપ સર્વે તદ્દન અજાણ હતા. પણ હાલ થોડી મુદતથી આપણા કેટલાક જ્ઞાતિ હિતેચ્છુઓએ આપણો આદિ અંતથી ચાલતા આવેલા ધર્મનું શાસ્ત્રો વિગેરેથી અવલોકન કરીને પ્રચલીત કર્યો છે, અને હાલમાં વિશેષ કરીને ગુજરાત દેશમાં તેનો કેટલો બહોળો ફેલાવ થઇ તે તરફ તે ભાઇઓના ચીત્તમાં કેટલો પ્રવેશ સ્વધર્મે કરી મુકયો છે તે બદલ આપ અમદાવાદ વિગેરે તરફનું અવલોકન કરશો તો આપને સહેજ જણાઈ આવશે આ વાત આપ સર્વે ભાઇઓના જાણુવામાં કમ જાદે પણ હશેજ છતાં અદ્યપિ આપ સર્વે અઘોર નિદ્રામાં શા માટે સુઇ રહોછો ? હવે જાગૃત થઇ પોતાના કુળના સ્વધર્મ તરફ દ્રષ્ટી કરો અને તેમાં આપ પ્રવેશ કરી બીજાને પ્રવેશ કરવા માટે પ્રયત્ન કરો અને ખરો ધર્મ ટકાવી રાખી તે તરફ તન, મન અને ધનથી પુર્ણ મદદ કરી તે મજબુત કરશો તો તેમાં આપણું નામ અવીચળ થશે.

જેમ હરીચંદ્ર રાજાએ પોતાના સત્યના માટે કેટલું સંકટ સહન કર્યું હતું તે આપના જાણવા બહાર નહિજ હશે તો તેમનું નામ આ દુનિયામાં અમ્મર થયું છે તેવીજ રીતે આ બાબતમાં આપ ઉત્સાહી થઇ પોત પોતાની હરેક બાબતથી બનતા પ્રયત્ન કરી તેમાં આપનું ચિત્ત પરોવશો એવી મારી નમ્ર વિનંતી છે, હાલમાં કેટલાક ભાઇઓનું નીચે પ્રમાણે કહેવું થાય છે

૧ "આપણે પ્રમથ ગમે તેવા ઉંચા બ્રાહ્મણ હતા પણ હવે કંઇ બ્રાહ્મણ થઇ શકાય નહિ."

૨ "કદાચ આપણે હાલ યજ્ઞોપવીત ધારણ કરીશું પણ આપણે ગામમાં રહેવાનું હોવાથી ગામના લોકો આપણા ઉપર દ્વેશ કરશે તેમ આપણી મશ્કરીઓ પણ કરશે."

૩ "આપણે યજ્ઞોપવીત ધારણ કરીએ પણ પુજા વિગેરે નિત્ય કર્મ આવડતું ન હોવાથી ઉલટા દોષના અધિકારી થઇએ."

૪ "યજ્ઞોપવિત ધારણ કરવાનું કહેતાં અમુક જ-
ણા ધારણ કરે તો અમે કરીએ."

ઉપર પ્રમાણેની શંકાઓ થઇ તે પ્રમાણે તેમના તરફથી ઉચ્ચરવામાં આવે છે પણ તે તદ્દન ખોટું અને કપોલકલ્પીત્ત ભરેલું છે. કારણ કે—

૧ હાલના સમયમાં બ્રાહ્મણ વિગેરે વર્ણમાં ક્વચિત્ તે સ્વધર્મનો ત્યાગ કરી નીચ કર્મ કરી વ-ટલે છે યા તો ધર્મને બટ્ટો લાગે તેવી નહિ છાજ-તી બાબતો કરે છે તો પણ તેને દેહશુદ્ધ પ્રાયશ્ચિત્ કરાવી નાતમાં લે છે. તેવીજ રીતે આપણે કંઇ હિંદુના મુસલમાન થયા નથી કે સ્વધર્મમાં આવી ન શકાય. આપણા લોકોએ નિચ શુદ્ર વર્ણનું અન્ન વિગેરે ભક્ષણ કરવાથીજ આ નીચતા આવેલી છે એટલે તેને મુળ ધર્મમાં લાવવા માટે દેહશુદ્ધ પ્રાય-શ્ચિત્ કરાવવું પડે છે અને તેમ કરવાથી પાછળ અ-ઘોર કુકર્મ કરેલાં હોય તો તે તથા આવેલી નીચ-તાનો સમુળ નાશ થઇ મુળ સ્થીતીમાં આવે છે, તે

પ્રમાણે હાલ અપાતી યજ્ઞોપવિતમાં દેહશુદ્ધ પ્રાયચિત્ત કરાવવામાં આવે છે એટલે તે બાબત વિશેષમાં કાંઇ શંકા લાવવા જેવું નથી.

૨ આપણી જ્ઞાતિના લોકોને આ સમયના કોઇ પણ જાતિના લોકો કંઈ પણ ઉપદ્રવ કરી શકે તેવું દ્વાર ખુલ્લું રહેલું નથી. કારણ કે આપણા સ્વધર્મ વિશે કાશી વિગેરે પવિત્ર ધર્મ ક્ષેત્રો તથા શંકરાચાર્યોની સાથે વાદ વિવાદ થઇ તેમના તરફથી પણ સારી રીતે શાસ્ત્રાનુંસાર આપણા સ્વધર્મને પુષ્ટી મળી સંમતી પત્ર થયેલા છે, તેમ આપણા જ્ઞાતિ ભાઇઓએ દક્ષિણ વિગેરે વિભાગ તરફનાઓએ પુરોહિતનું કામ, લગ્ન ક્રિયા, વાસ્તુ શાન્તિ, યજ્ઞ, રૂદ્રા ભિશકે વિગેરે ક્રિયાઓ કરેલી અને તેમાં કોઇ કોઇ વખત હાલના બ્રાહ્મણોએ આડા આવી તકરારો કરેલી તે બાબત અરસ પરસ ઝગડા થઇ મુંબાઇ, મદ્રાસ કલકત્તા વિગેરે લગભગ ૪૦ ઉપરાંત કોર્ટોમાં કામ ચાલી આપણી જ્ઞાતીના લોકો અસલથીજ જગત કર્ત્તા નિયંતા અને પાલન કરતા પરમ શિવ વિશ્વકર્માના મુખમાંથી ઉત્પન્ન થઇ તે

મુળથીજ સર્વેથી શ્રેષ્ટ પંચાક્ષ બ્રાહ્મણ હોય તેમને ષટકર્મ કરવાનો અધિકાર હોય કોઇ કાળે પણ તેનો લોપ થઇ શકે નહિ એ પ્રમાણે સરકાર મારફતે શાસ્ત્રાનુંસાર શોધન થઇ પુષ્ટી મળી ઠરાવો થઇ હાલના બ્રાહ્મણોને કેટલાક ઠરાવોમાં શિક્ષા તેમ સખ્ત તાકીદો મળેલી છે, (એ એક નામદાર દયાળુ નિઃપક્ષપાતી અને ન્યાયી અંગ્રેજ સરકારનો પરમ ઉપકાર માનવા જેવો છે, અને સર્વ ભાઇઓએ શ્રી વિશ્વકર્મા તે રાજ્યની ચઢતી કળા હર હરહમેશ કરી તે અવીચળ રાખે તેવી પ્રાર્થના કરવી જોઇએ,) એટલે તે વિશે જે ભાઇઓ મનની અંદર શંકા ઉદ્ભવે તેનો મુળેજ ઉપરની હકીકતથી નાશ થયેલો છે અને જે મશ્કરીઓ બાબત શંકા લાવે તે તેમનું અજ્ઞાનતાપણું તથા મુર્ખતાઇ બતાવી આપે છે કારણ કે ખરી બાબતમાં હાથ ઘાલવાથી જે કોઇ તેના વિરૂદ્ધ વાતો કરે તે પોતેજ નર્કનો આધકારી થાય છે માટે તે બાબતમાં સર્વે ભાઇઓએ શંકા મનમાંથી દુર કરી નિર્મળ અને દ્રઢ મન રાખવુંજ હિતાપદ છે.

૩ યજ્ઞોપવિત ધારણુ કરી પુજા વિગેરે નિત્ય કર્મની જે બાબત આગળ આવે છે તે શાસ્ત્રથી ઉલટીજ છે. કારણુ કે હાલના સમયમા રૂદ્રા બિ-શેક આહુતી વિગેરે કામમાં જે બ્રાહ્મણે યજ્ઞોપવિત ધારણુ કરી હશે અને તેને કંઇ પણુ નિત્ય કર્મ નહિ આવડતું હશે તો પણુ તેને બ્રાહ્મણુ ગણત્રીમાં લેવામાં આવે છે, આ સમયના હાલના બ્રાહ્મણો કંઇ બધાએ નિત્ય કર્મ કરતા હશે? ના તેમ ન-થી સેંકડે બે ટકા નિત્ય કર્મ કરવાવાળાજ દ્રષ્ટી કરતાં જણુાઇ આવે છે એટલે શું બીજા દોષના અધિકારી થઇ એક બીજાનો વ્યવહાર ભિન્ન થયો જોવામાં આવે છે; નહિ તે તમામ બોલવું મીથ્યાજ છે શાસ્ત્રમાં પણુ એ વાત આગળ આવી જણાતી નથી અને જો આપની તેવીજ નિત્ય કર્મનીજ ત-રફ દ્રઢતા હશે તો તે પણુ આગળના સંતાનોમાં પાયાનું મંડાણુ રચાયા બાદ સર્વે સારૂંજ થશે, માટે દોષની વાત આગળ ન લાવતાં યજ્ઞોપવિત ધારણુ કરી હર હમેશ પવીત્ર રહી નીચ જાતિનું અન્ન ભ-ક્ષણુ ન કરવું તેમ નીચ કર્મ કરવાં તજવાં તો તે-

થીજ થોડે થોડે પોતાના મનની અંદર ભરાયલા મળનો નાશ થઇ થોડી મુદતમાં નિર્મળ થશે અને તેવો આચાર મળવાથી તે બીલકુલ દોષનો અધિકારી થતો નથી.

૪. યજ્ઞોપવિત ધારણ કરવામાં આપણા કેટલાક ભાઇઓ મીથ્યા વાદ વીવાદ કરી તેમાં વખત ગુમાવે છે અને તેથી ધર્મનો પાયો મજબુત બંધાતો નથી અને તેનું પ્રાયશ્ચિત તેવું બોલનારને જ લાગે છે મનુસ્મૃતિ શાસ્ત્રમાં સ્પષ્ટ લખે છે કે જે માણુસ શાસ્ત્રનું શોધન કર્યા સિવાય હરકોઇ બાબત વિરૂદ્ધ બોલનાર મહા પાપનો ભોક્તા થાય છે, માટે સમજ્યા સિવાય બોલવું અને મીથ્યા વાદ વીવાદ કરવો તદ્દન ખોટો છે, હરકોઇ દુષ્ટ કામ કરવામાં વિલંબ તેમ વિશેષ પરિશ્રમ વેઠવો પડતો નથી અને સારૂં કાર્ય કરવામાં વખતનું લંબાણ તેમજ તન મન ધનની મદદ તથા ઐક્યની જરૂર પડી ઘણોજ પરિશ્રમ લેવો પડે છે તેવીજ રીતનું આ કામ હોઇ આપ સર્વે ભાઇઓએ તે સહન કરી મજબુત કરવા

મારી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે, જો આપ સર્વે ભા-
ઇઓ એક બીજાનો વદ વીવાદ ન કરતાં એકે એક
ધર્મમાં આવતા જશો તો આગળ જતાં તેનો પાયો
મજબુત થઈ કાળે કરી તેનો બહોળો ફેલાવો થઇ
મુળ સ્થીતીમાં આવીજ જશો એમ આપ ઉંડો
વિચાર કરશો તો આપણા મનને પણ દ્રઢતા થશેજ
કારણ કે આ કામ " ટીપે ટીપે સરોવર ભરાય
અને કાંકરે કાંકરે પાળ બંધાય " એ કહેવત પ્ર-
માણેનુંજ છે તેવીજ રીતે એક એક યજ્ઞોપવિત ધા-
રણ કરવાથી થોડે થોડે તેનો બહોળો સમુહ થવા
જેવું છે અને તે પ્રમાણે અકંદર નાતમાં વિશેષ
ભાગ યજ્ઞોપવિતવાળા ભાઇઓનો થશે તો બાકી
જુજ રહેલા એની મેળે આપો આપ સ્વધર્મમાં
આવી જશે.

આપણા જ્ઞાતિભાઓને હાલના લોકોએ હજામ
કુંભારથી પણ નીચ પાયરીમાં ગણી નાંખ્યા છે તે
બદલ તમામ આપણીજ કસુરો છે. શું આપણે તેવા
હલકા છીએ ના ના તે સમજવું ખોટું છે, આપણા

ધંધાને પણ આ સમયના લોકો કમખોડે છે પણ તે તદ્દનજ ખોટું છે આપણો ધંધો સર્વ કરતાં શ્રેષ્ટ હોઇ તે ધંધાના ઓજારોથીજ આ દુનિયાનું મંડાણ રચાયું છે. તેમ તે ઓજારોના આધાર વડેજ આ દુનિયા ટકી રહી છે તે બદલનું વિશેષ વિવેચન કરવાથી લંબાણ થવા જેવું હોવાથી વાંચનાર સુજ્ઞ ભાઇઓને કંટાળો ન ઉપજે તેટલાની ખાતર કરવામાં આવ્યું નથી. માટે તે બાબત આપ ચારે બાજુ દ્રષ્ટી કરી એકે એકે બાબતની કેવી રીતે શા આધારે ઉત્પતી થઇ તે કેવા ટેકાથી ટકી રહી છે વિગેરે બાબત ઉપર ઉંડા વીચાર કરી તેનું મુળ શોધવા જશો તો આખરે લોહ કામ સિવાય બીજું કંઇજ નીકળશે નહિ, જ્યારે દુનિયા રચવામાંજ તેમ તે ટકાવી રાખવા તેના આધારભુત પિલા લોઢાના અસ્ત્ર શસ્ત્ર તથા તેનો કર્ત્તા આપણેજ છીએ તો પછી દુનિયાનો પાયો રચતાં પુર્વેજ આપણી ઉત્પત્તિ હોવી જોઇએ એ બાબત આપણા મનને જ ચોક્કસ ખાત્રી થાય છે, અને શાસ્ત્રોમાં તે વિશે ચોકસ સ્પષ્ટના હોવાથી તે બાબતનું સુળેજ વિવેચન કરવાનું

રહેતું નથી. માટે આ બાબતમાં સર્વ ભાઇઓએ પુર્ણ અભીમાન ધરાવી ધર્મનો પાયો મજબુત થવા- માં અહોનીશ ખરા અંતઃકરણ તેમ તન, મન, અને ધનથી મદદ કરી લાગણી ધરાવે એવી જગત કર્ત્તા શ્રી વિશ્વકર્મા પ્રત્યે મારી નમ્ર વિનંતી છે.—તથાસ્તુઃ

બ્રાહ્મણે પૈશા માટે છુપાવેલો

વેદ ધર્મ.

બ્રીવ્રાત્ય સંસ્કાર મીમાંસામાં

(પંડિત વર્યરામ મિશ્ર લખે છે કે)

બુદ્ધિમાન એ છે કે, જે પરલોકના અને લોકા

પવાદની બીક રાખે છે, ચતુર અને સજ્જનો એમને અજ્ઞાની જાણે છે કે જે પોતે પોતાને હાથે બંને લોક (આ લોકને પરલોક) બગાડે છે. અમારા ભરતખંડમાં ઇશ્વરની કૃપાથી બંને લોકનું સાધન, સંસારમાં સર્વ પુસ્તકોમાં સર્વ વિષયમાં ઉત્તમોત્તમ ને જગતનાં બધાં પુસ્તકોમાં પ્રાચીન (જેને અમારા ધર્મ શિવાયના ઇસાઇ, મુસાઇ, તુરાની, કુરાની, જૈન, બૌધ, બ્રહ્મસમાજવાળા અને આર્ય સમાજવાળા સુદ્ધાંત સઘળા કબુલ કરે છે) એવું ધર્મશાસ્ત્ર વેદ છે, જેમાં ચારે વર્ણથી માંડી સર્વ ધર્મની આજ્ઞાઓ જણાવેલી છે. એ ચાતુર્વર્ણ્ય સંસ્કારાધીન છે. કેમકે " જન્મના જાયતે શુદ્રઃ સંસ્કારાદ્ દ્વિજ ઉચ્યતે ।" એમ મહાત્મા પુરૂષો પોતે કહે છે. વળી કલીયુગમાં સંસ્કારની તો એવી દશા થઇ ગઇ છે કે, બ્રાહ્મણ પણ (જેનાપર ચાતુર્વર્ણ્યની વ્યવસ્થાનો વિશ્વાસ રાખવામાં આવે છે) વિંધ્યાચલમાં જઇ દેવીના ચરણમાં જનોઇનો સ્પર્શ કરાવી ગળામાં પહેરી લે છે, અને તેથી યજ્ઞોપવિત સંસ્કાર માની લે છે, જ્યારે બ્રાહ્મણ સંસ્કાર એવા

છે તો અન્યવર્ણની શી વાત કરવી? પરંતુ હમણાં ઇશ્વરની કૃપાથી મુદ્રા યંત્રદ્વારા પુસ્તકાદિનો પ્રચાર થવાથી સર્વ લોક પોતાનો ધર્મ જોવા અને જાણવા ચાહે છે;

પરંતુ શોકજનક એ છે કે બ્રાહ્મણો શાસ્ત્રની કે અન્ય લોકની ચિંતા ન કરતાં કેવળ અજ્ઞાની બની પોતાના અને તેમને અનુસરી ચાલનાર અન્યવર્ણના સરકારવ્યહવારના લોપમાટે તત્પર છે. ઘણા મહા પુરૂષ એવા છે કે, જે ગુપ્તપણે ચારે વેદ અને સમસ્ત ઉપનિષદ્‌ની કથા એકાંતમાં વ્રાત્યવૈશ્યાદિને ઘેર જઇ કહી આવે છે, અને જે ઠેકાણે ચાર માણુસો સ્વજાતિના એકઠા ભેગા થાય ત્યારે તો વેદના સંસ્કૃત મંત્ર ક્ષત્રિય વૈશ્યને ઘેર પણ ભણતા નથી.

કેટલાક દિવસ પહેલાં મથુરાના નિવાસી શ્રી ગુરૂસ્યામલ શેઠના પૌત્ર લક્ષ્મીનારાયણ શેઠ કાશીમાં આવ્યા હતા, તેમણે શિવરાત્રીપર મને વિનતિ કરી

વૈદિક બ્રાહ્મણોને બોલાવ્યા, હું પણ તે સમયે ત્યાં જ હતો; બ્રાહ્મણોએ ત્યાં આવી " ચક્ષુસન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ " વગેરે શ્લોક વૈદિક સ્વરની ચાલપર કહેવા શરૂ કર્યા, શેઠજીએ મને પુછ્યુ કે "શાસ્ત્રીજી મહારાજ ! એ કયો વેદ છે ?" મેં તે વાતનો મારા પોતાથી ઉત્તર આપવો અનુચિત્ત જાણી જે બ્રાહ્મણોને હું લઇ ગયો હતો તેમને પૂછ્યું કે " આપ આ સર્વ વ્યવહાર શું કરો છો ? શેઠજી બુદ્ધિશાળી છે, સઘળી વાત જાણે છે. અને વેદ પણ થોડા ભણેલા છે. " ત્યારે તે લોકો પરસ્પરસ કાંઇ વાત ચિત કરી બોલ્યા કે " અમારામાં વૈશ્યને ત્યાં વૈદિકમંત્ર બોલવાનો સંપ્રદાય નથી " ત્યારે શેઠજીએ કહ્યું કે, મહારાજ ! કાંઇ ફિકર નહિ, એક દિવસને માટે આપે આપના સંપ્રદાયનો મત તોડવો નહિ, પણ વેદને શ્લોક ન બનાવવો જોઇએ. વળી શેઠજીએ પ્રત્યેક બ્રાહ્મણો તરફ નજર કરી તો તેજ મંડલીમાં એક બ્રાહ્મણ બેઠો હતો કે જેણે તેજ વર્ષમાં તે શેઠને ઘેર મથુરામાં આખો શ્રાવણ માસ વેદની પારાયણ કરી

હતી, તે વૈદિક બ્રાહ્મણને પ્રણામ કરી બોલ્યા કે આપ કુશળ છો ? માત્ર એટલું કહેતામાંજ તે વૈદિક બ્રાહ્મણ સુસ્ત થઇ ગયો. શેઠજીએ પુછ્યું કે હવે અત્યારે કાશીમાં આપ અમને આપના મુખ કમળથી વેદ ધ્વનિ નહિ સંભળાવો ? ત્યારે તે બોલ્યો કે શેઠજી ! શું કરૂં ? આ ચાર ભાઇઓ સાથેની વાત છે. કદાપિ હું કાશીમાં એવી રીતે વેદ સંભળાવું તો મારે નાત બહાર થવું જોઇએ ! ! !

અમારે આ ઠેકાણે તે જણાવવાનું કારણ એ છે કે, જે અમો વ્યવસ્થા લખનાર છીએ, તેને અનુસાર અને શિષ્ટસંપ્રદાયને અનુસાર જો ખરેખરા ક્ષત્રિય વૈસ્ય છે, ને તેને ઉપનયન જો શાસ્ત્ર પ્રમાણે દઇ શકાય છે તો ઉપનયન કરાવી તેને શાસ્ત્ર શ્રવણ કરાવવું જોઇએ; નહિ કે અનુપનીત ને જે ખરેખરા ક્ષત્રિય વૈશ્ય નથી તેમને અર્થ છુપાની ઉપદેશ કરવો. આ સમયે કેટલાક અંતર દૃષ્ટિ શૂન્ય કેવળ સ્વાર્થ સાધવાવાવાળા હઠથી એમ કહેશે કે સાહેબ ! કલિયુગમાં કેટલાક લોકોના ભયથી વેદ

ભણાતા નથી, તો પરદેશમાં વેદનો પ્રચાર ક્યાંથી થયો ? બ્રાહ્મણોએજ કોઇ પરદેશીને પ્રથમ ભણાવેલ હોવો જોઇએ, કાંઇ પોતાની મેળેજ વેદ નાશીને નહી ગયા હોય ? તો તે વાત બરાબર એવી છે કે તમારી ગાયને વાછડી થાય તો અમારો બળદ કેમ વાછડીનો જન્મ નહિ આપે ? જ્યારે અમે સુનિર્ણીત ક્ષત્રિય વૈશ્યને વ્રાત્યતાથી મુક્ત કરવા ઇચ્છીએ છીએ તો તમો હવે મિથ્યા ધર્મની આડ નાંખી અમારી પ્રતિષ્ટા અને ધન લાભની શંકા કરી ધર્મની ધ્વજા હાથમાં લેઇ ક્ષત્રિય વૈશ્યના સંસ્કારની કેટલાક સાથે વેદાધ્યયનમાં તુલના કરો છો, નિર્ભય રહો, અમે એક પૈશો પણ ખાધો નથી, તમારી ઇચ્છા હોય તો કાંઇ અપાવી દઇએ; જ્યારે આપ જેવા બુદ્ધિસાગર દેશના સ્થંભ બેઠા છે ત્યાં અમારા પ્રતિષ્ટા લાભનો ઉત્તમ કર્મથી પણ સંભવ જ ક્યાં છે ?

અમો અહીં સત્યતાની ખાતર એક બીજી વાત પણ કહ્યા વિના સુખ લાભ માનતા નથી કે

થોડા દિવસ પહેલાની વાત છે કે કાયસ્થ લોકો પણ પોતાના ધન. વિદ્યા. ગુણ, ગૌરવની પેઠે જાતિની ઉન્નતિ કરવાના હોંસીલા થઈ રૂપિઆ બાંધી કાશી તરફ રવાને થયા, તેમણે મોટા પંડિતજીને પ્રશ્ન પૂછયો કે અમારા મુળ પુરૂષ કોણ હતો ? એ સાંભળતાંજ પોથી પરથી મન ખેંચાઈ રૂપિઆની ગાંસડીપર ખ્યાલ ગયો, અને ભવિષ્યનો વિચાર કર્યા વિના કહ્યું કે આપનો મુળ પુરૂષ ક્ષત્રિય છે, પછી બમણો ઉત્સાહ પામીને લાલા સાહેબે પ્રણામ કર્યા ને ભેટ મુકી ઘેર ગયા. પછીથી ફરી યાદ આવ્યું કે બાપ ! ક્ષત્રિયને તો યજ્ઞોપવીત હોય છે, અને અમને તે નથી અમારી ડોક તો ખાલી છે ? ફરી લાલા સાહેબ કાશી તરફ રવાને થયા, અને શાસ્ત્રીજી પાસે આવી પગે લાગ્યા, પરંતુ શાસ્ત્રીજી-એ પહેલેથી સાંભળ્યું હતું કે લાલાસાહેબ હવે યજ્ઞોપવીત પહેરાવવાનો આગ્રહ કરશે, એ સબબથી લાલાસાહેબને દેખતાંજ મોં ફેરવી દીધું ત્યારે લાલા સાહેબ બોલ્યા કે મહારાજ ! આપની ફી પહેલી વખતેજ આપી ચુકયો છું. અને આ તેજ મુકદમે

છે, એક મુકદમાની બે વાર ફી સરકારની હાઇકો- ર્ટમાં પણ દેવાતી નથી !!! પરંતુ એટલું કહ્યાપર પણ પંડિતજીના દિલપર કાંઇ અસર ન દેખી ત્યારે લાલાસાહેબ એકદમ બોલી ઉઠયા કે એ પ્રભુ ! આ બનારસ શહેર અજબ અને ગજબ છે કે જ્યાં વાતોને વાસ્તે પણ પૈસા (ફી) લેવામાં આવે છે, ખરે "તીર્થે મુંડાતું" એમ લાલાસાહેબે વિચારી થોડી ઘણી ભેટ પૂજા દેવા ઇચ્છા કરી પરંતુ પં- ડિતજીએ સાફ કહી દીધું કે ભાઇ ! અમારૂં તો વ્યવસ્થા દેવાનું કામ છે, જો તમારે યજ્ઞોપવિત લેવું હોય તો તમે કોઇ ગૌડને કહો એ સાંભળી લાલાસાહેબ તદન થંડા થઇ ગયા અને ઘર તરફ રવાને થયા.

ગુજરાતી પંચ તા. ૧૧ મી મે સને ૧૯૧૩ પૃષ્ટ ૭ માં લખ્યું છે કે

જનોઈ પહેરવાને લગતો સવાલ.

જનોઇ પહેરવાના સવાલે બંગાળ અને બીહારના હીન્દુઓની ઉંચ વર્ણની જાતોમાં કાંઇક ખળભળાટ ઉત્પન્ન કીધો છે, હાલમાં મુઝફ્ફરપુર ખાતેના બે બ્રાહ્મણ જમીનદારે પોતાના કુરમી ભાડુતોને તેઓએ પહેરેલી જનોઇ ફેંકી દેવાનો હુકમ કીધો. કુરમીઓએ તેમ કરવા ના પાડી જેથી તેમની ઉપર તલવારથી હુમલો કરવામાં આવ્યો હતો મુઝફ્ફરપુરના ડેપ્યુટી મેજીસ્ટ્રેટે જમીનદારોને ૭ માસના કેદખાનાની સજા કીધી છે અને ગુન્હાને માટે તથા થયેલી સજા સામે હુકમનામું મેળવ્યું છે.

॥ ॐ ५ ॥

ॐ श्री ११०८ मंडलाचार्य जगद्गुरु

विश्वकर्मणे नमः

श्री विश्वकर्मवंश विजयते तराम्.

श्री વિશ્વકર્માવંશજોને માટે

લઘુ સંધ્યા.

૧ સ્નાનાદિ પવિત્ર ક્રીયા કરી, પવિત્ર વસ્ત્ર પહેરી, પવિત્ર આસન ઉપર સિદ્ધાસનવાળી, પૂર્વાભિમુખે બેશી, ગાયત્રી મંત્ર મનમાં બોલી વિભૂતિ શ્રી સૂર્યને બતાવવી; પછી ॐ નમઃ શિવાય, એ મંત્ર બોલી કપાળ, હસ્ત, આદિ ઠેકાણે લગાડવી.

૨ ગાયત્રી મંત્ર. ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધી મહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ॥

૩ પછી આચમન કરવું, તે આચમન કરવાનો મંત્ર; ૐ શન્નો દેવીરભીષ્ટય આપો ભવન્તુ પીતયે, શંયોરભિ સ્ત્રવન્તુનઃ ॥ આ મંત્ર ભણીને ત્રણ વાર આચમન કરવું; અને ગાયત્રી મંત્ર બોલી શિખા બાંધવી.

૪ ત્યાર પછી પ્રાણાયામ કરવા. તે એવી રીતે કરવા કે પ્રથમ જમણે નસકોરેથી સાત વ્યાહૃતિ (ૐ ભૂઃ ૐ ભુવઃ ૐ સ્વઃ ૐ મહઃ ૐ જનઃ ૐ તપઃ ૐ સત્ય) ભણીને પવનને અંદર પૂરવો. તે પુરેલા પવનને ત્રણવાર ગાયત્રી મંત્ર ભણીને રોકી રાખવો. પછીથી (ૐ આપો જ્યોતિ રસોમૃતમ્ બ્રહ્મભૂર્ભુવઃ સ્વરોમ્) આ મંત્ર ભણીને પવનને ધીરે ધીરે ડાબે નસકોરેથી કહાડી નાંખવો. પછી તે પવનને બહાર થોડીવાર રોકી ઉપર બતાવેલી સાત વ્યાહૃતિ ભ-

ણીને પવનને અંદર પુરવો ને ત્રણવાર ગાયત્રી મંત્ર ભણીને પછીથી તે રોકેલા પવનને (ૐ આપો જ્યો૦) એ મંત્ર ઉપર બતાવ્યા પ્રમાણે ભણીને કહાડી નાંખવો. આ એક પ્રાણાયામ એવી રીતે ત્રણ પ્રાણાયામ કરવા.

૫ પ્રાણાયામ કરવાનો મંત્ર. ૐ ભૂઃ ૐ ભુવઃ ૐ સ્વઃ ૐ મહઃ ૐ જનઃ ૐ તપઃ ૐ સત્યં, ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધી મહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ । ૐ આપો જ્યોતિ રસોમૃતમ્ બ્રહ્મભૂર્ભુવઃ સ્વરોમ્ ।

૬ ત્યાર પછી સંકલ્પ કરવો. તે સંકલ્પ કરવાનો મંત્ર. અત્રાદ્ય મહા માંગલ્ય પ્રદ અમુક માસે અમુક પક્ષે અમુક તિથૌ અમુક વાસરે મમો પાત્ત દુરિત ક્ષયાર્થે પ્રાતઃ સંધ્યોપાસન મહં કરિષ્યે. (જે જે માસ પક્ષ તિથી વાર હોય તે બોલવો.)

૭ પછી ગાયત્રી મંત્રવડે સૂર્યને પ્રાતઃકાળે ઉભા થઇને ને સાયંકાળે બેશીને અર્ધ્ય આપવા.

૮ પછી પગના ફણા ઉપર ઉભા રહી બે હાથ ઉંચા કરી નીચેના બે મંત્ર બોલી શ્રી સૂર્યનું ઉપસ્થાન કરવું. તે મંત્ર ૐ ઉદ્વયં તમસ સ્પરિસ્વઃ પસ્યંત ઉત્તરં ॥ દેવં દેવત્રા સૂર્યં મગન્મ જ્યોતિ રૂત્તમમ્ ॥ ૧ ॥ ૐ ઉદુત્યં જાત વેદ સંદેવં વહતિ કેતવઃ ॥ દૃશે વિશ્વાય સૂર્યમ્. ૨

૯ પછી ઉભા રહી દશ કિંવા ૧૦૮ એકશોને આઠ ગાયત્રી મંત્રનો મનથી જપ કરવો.

૧૦ પછી અનેન પ્રાતઃ સંધ્યાખ્યેન કર્મણા ભગવાન શ્રી સૂર્યનારાયણ પ્રીયતામ નમઃ ॥ એમ કહી જળ છોડી સંધ્યા પૂર્ણ કરી ગુરૂદેવ તથા પોતાના ઇષ્ટદેવ ભગવાંન વિશ્વકર્મા મહાદેવને બે હાથ જોડી માથુ નમાવી નમસ્કાર કરવા.

સૂચના—પ્રાતઃકાળે પૂર્વ તરફ ઉભા થઇને અને સાયંકાળે પશ્ચિમ તરફ બેસીને સંધ્યા કરવી.

પ્રાતઃકાળે પ્રાતઃકાળનો સંકલ્પ અને સાયંકાળે સાયંકાળનો સંકલ્પ કરવો. (ઘણા પુસ્તકોમાં ત્રણ કાળ છે પરંતુ મનુ મહારાજ બે કાળની આજ્ઞા કરે છે.)

મનુ ભગવાનની
આરતી.

જયદેવ જયદેવ, જય જય જગદીશા (૨)
સર્વેના પ્રતિ પાલક, સર્વોત્તમ ઇશા. જય૦ ॥૧॥
અહો જનાર્દન રૂપ, અખિન્ન જગત કર્તા (૨);
શરણાગત પ્રતિપાલક, અદ્દભુત ગતિ કર્તા.જય૦॥૨॥
પ્રભુ પરાત્પર ચક્ષુ, વિશ્વમનુ તવ નામ; (૨)
કલ્પે કલ્પે રૂપે, ધ્રત્વા અભિરામ. જય૦ ॥ ૩ ॥
વિશ્વકર્મા વ્યાપક, સર્વોતમ રૂપ; (૨)
માયાના મનુ ધાતા, વિશ્વકૃતિ કર્તા. જય૦ ॥૪॥
અદ્દભુતવ્યાપિ નિરતર, શરણાંગત ત્રાતા; (૨)
જુઓ જુઓ વ્યાપક, આરતી ઉતરતાં. જય૦॥૫॥
એક વદન સ્ફાટીકરૂપ, ચાર ભુજા કહિયે; (૨)
ચતુરાયુદ્ધ બીરાજે, મણિ મુગટે મોહિયે. જય૦॥૬॥
પ્રકૃતિરહી અરધગે, જગ તીમિર હરતા; (૨)
બ્રહ્મા વિષ્ણુ સર્વ દેવો,ધ્યાન સદા ધરતા જય૦॥૭॥
એ આરતિનો મોટો મહિમા, સુરવર મુનિ જાણે; (૨)
મુક્તા પુષ્પે વધાવે, મનવાંચ્છિત ફળ પામે. જય૦॥૮॥

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો સરઠવ પંચાલ અમદાવાદ પીરમહમદશાહના રોજાના પંચાલ તુલસીભાઈ હીરાચંદ ગીજેરી ત્યાંથી અથવા પ્રસિદ્ધ કર્તા પાસેથી મળે છે. માટે જેઓ ગૃહસ્થોને જોઈતાં હોય તેઓ રોકડી કીંમતથી મંગાવી લેવાં.

આ પુસ્તકોના ખરચ કાઢતાં જે રકમ ફાજલ રહે તે સરઠવ પંચાલ મંડળના ફંડ ખાતે જમા કરવામાં આવશે.

પુસ્તકનું નામ	રૂ. આ. પા.
પંચાલ બ્રાહ્મણ સિદ્ધાન્ત.	૦—૨—૦
જ્ઞાતિ સુધારો.	૦—૧—૦
શોકાની શાખા અને પડદાનું પોગળ.	૦—૦—૬
મનુષ્ય કર્તવ્ય. રામપ્રસાદ લક્ષ્મણપ્રસાદ મિસ્ત્રી કૃત.	૦—૪—૦